અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ એપ્રિલ ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૧ | અંક : ૨૮૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પશ્ચિમ બંગાળમાં કલમ ૧૬૩ લાગુ, ઈન્ટરનેટ બંધ

## વક્ફ કાયદાના મુદ્દે બંગાળમાં ભયંકર હિંસા, ટોળાંએ પિતા-પુત્રની હત્યા કરી

### વક્ફના કાયદામાં સુધારા બાદથી જ પશ્ચિમ બંગાળમાં ઠેર ઠેર હિંસા થઈ રહી છે : મુર્શિદાબાદમાં આજે સતત બીજા દિવસે ભયંકર હિંસા થઈ

। (એજન્સી) મુર્શીદાબાદ, તા.૧૨ ।



વક્ફના કાયદામાં સુધારા બાદથી જ પશ્ચિમ બંગાળમાં ઠેર ઠેર હિંસા થઈ રહી છે. મુર્શિદાબાદમાં આજે સતત બીજા દિવસે ભયંકર હિંસા થઈ. પોલીસ તંત્ર હિંસા રોકવામાં તદન નિષ્ફળ નિવડ્યું છે ત્યારે આજે ટોળાં દ્વારા પિતા-પુત્રની હત્યા કરવામાં આવી છે. મીડિયા અહેવાલ ઘટના શમશેરગંજની પાસે જાફરાબાદ વિસ્તારની છે જ્યાં ભીડે બપોરના સમયે એક ગામ પર હુમલો કર્યો અને પિતા-પુત્રને મોતને ઘાટ ઉતાર્યા. હિંસા બાદ મુર્શિદાબાદમાં કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે, તથા ઈન્ટરનેટ પણ બંધ કરવાના આદેશ અપાયા છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતા સુવેંદુ અધિકારીએ રાજ્યમાં કેન્દ્રીય દળોને તહેનાત કરવાની માંગ કરી છે. સ્થાનિક અહેવાલો અનુસાર ટોળાંએ લૂંટપાટના ઈરાદે હુમલો કર્યો હતો. પિતા અને પુત્રએ ટોળાંનો પ્રતિકાર કરતાં તેમને ઢોર માર મારવામાં આવ્યો. મૃતકોના નામ હરગોવિંદ દાસ તથા ચંદન દાસ છે. નોંધનીય છે કે ગઈકાલે જુમ્માની નમાઝ બાદ પણ બંગાળમાં હિંસા થઈ હતી. જેમાં ટોળાં દ્વારા અનેક જગ્યાએ આગચંપી કરવામાં આવી હતી. ઘણી જગ્યાઓ પર ટોળાં અને પોલીસ વચ્ચે પણ અથડામણ થઈ હતી. અનેક દુકાનો તથા વાહનોમાં પણ ભારે નુકસાન કરવામાં આવ્યું હતું. ટોળાંએ પોલીસના વાહનો તથા આઉટપોસ્ટને પણ આગને હવાલે કરી હતી. ગઈકાલે થયેલી હિંસામાં પોલીસે અત્યાર સુધીમાં ૧૧૮ લોકોની ધરપકડ કરી છે. પોલીસે લોકોને સોશિયલ મીડિયામાં ફેલાવવામાં આવી રહેલી અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. પરિસ્થિતિને જોતાં મુર્શિદાબાદમાં સ્પેશિયલ ફોર્સને તહેનાત કરવામાં આવી છે. અનેક દુકાનો તથા વાહનોમાં પણ ભારે નુકસાન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ બંગાળના અનેક જિલ્લાઓમાં શુક્રવારે વક્ફ સંશોધન કાયદા વિરુદ્ધ વિરોધ પ્રદર્શને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. મુર્શીદાબાદ, માલદા અને જંગીપુર જેવા વિસ્તારોમાં ભીડે રોડ અને રેલ ટ્રાફિક ખોરવી નાખ્યો. કેટલાક સ્થળોએ તો પ્રદર્શનકારીીએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરી નાખ્યો અને સાર્વજનિક વાહનોમાં આગચંપી કરી. હાલાતને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો. અસલમાં સૌથી વધુ તણાવ મુર્શીદાબાદ જિલ્લાના સુતી અને શમશેરગંજમાં જોવા મળ્યો જ્યાં જુમ્માની નમાજ બાદ મોટી સંખ્યામાં લોકો વક્ફ કાયદાના વિરોધમાં ભેગા થઈ ગયા. ભીડે જૂલુસ કાઢ્યું અને એનએચ ૧૨ પર ટ્રાફિક જામ કર્યો. કેટલાક પ્રદર્શનકારીઓએ પોલીસની ગાડી પર પથ્થરમારો કર્યો.

### નેશનલ હેરાલ્ડ કેસમાં EDની કાર્યવાહી

## નેશનલ હેરાલ્ડ કેસમાં કરોડોની સંપત્તિ કબજે કરાશે, નોટિસ જાહેર

### ED એ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડની જોડાયેલી મિલકતોનો કબજો લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મોટી કાર્યવાહી કરી છે. ED એ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL)ની જોડાયેલી મિલકતોનો કબજો લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના દિવસે ED એ દિલ્હી, મુંબઈ અને લખનૌના પ્રોપર્ટી રજિસ્ટ્રારને નોટિસ મોકલી છે.

આ ઉપરાંત, મુંબઈના હેરાલ્ડ હાઉસ ખાતે જિંદાલ સાઉથ વેસ્ટ પ્રોજેક્ટ્સ લિમિટેડને પણ નોટિસ મોકલવામાં આવી છે, જે તે બિલ્ડિંગના ૭માં, ૮માં અને ૯માં માળે ભાડે છે. હવે તેમણે દર મહિનાનું ભાડું ED ને જમા કરાવવાનું રહેશે.

EDની તપાસમાં જાણવા મળ્યું કે, આ કેસમાં લગભગ ૯૮૮ કરોડ રૂપિયાનું કાળું નાણું કમાયું હતું. જેના કારણે ૨૦ નવેમ્બર, ૨૦૨૩ ના દિવસે AJLની સંપત્તિ અને શેર જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત લગભગ ૭૫૧ કરોડ રૂપિયા છે. આ કાર્યવાહી હવે ૧૦ એપ્રિલના દિવસે કોર્ટ દ્વારા મંજૂર થઈ ગઈ છે. નવેમ્બર ૨૦૨૩ માં, ED એ દિલ્હી, મુંબઈ અને લખનૌમાં ૬૬૧ કરોડ રૂપિયાની સ્થાવર મિલકતો તેમજ ૯૦.૨ કરોડ રૂપિયાના AJL શેરને કામચલાઉ રીતે જપ્ત કર્યા હતા.

સમગ્ર મામલો ડૉ. સુબ્રમણ્યમ સ્વામીની ફરિયાદથી શરૂ થયો હતો, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને તેમના સહયોગીઓએ માત્ર ૫૦ લાખ રૂપિયા આપીને AJLની ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકત હડપ કરી લીધી હતી. જ્યારે આ મામલાની તપાસ કરવામાં આવી ત્યારે એ પણ બહાર આવ્યું કે નકલી દાન, ખોટા ભાડા અને નકલી જાહેરાતો દ્વારા ૮૫ કરોડ રૂપિયાથી વધુની રકમ પણ ઉચાપત કરવામાં આવી હતી. હવે EDએ આ મિલકતોનો કબજો લેવા માટે નોટિસો મોકલી છે અને તેનો કબજો લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે

આ મની લોન્ડરિંગ કેસ AJL અને યંગ ઈન્ડિયન સાથે સંબંધિત છે. જે નેશનલ હેરાલ્ડ AJL દ્વારા પ્રકાશિત થાય છે અને યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડની માલિકી ધરાવે છે. કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી યંગ ઈન્ડિયનના બહુમતી શેરધારકો છે, જેમની પાસે પ્રત્યેક ૩૮ ટકા શેર છે.

EDનું કહેવું છે કે યંગ ઈન્ડિયન અને AJLની મિલકતોનો ઉપયોગ ૧૮ કરોડ રૂપિયાના નકલી દાન, ૩૮ કરોડ રૂપિયાના નકલી એડવાન્સ ભાડા અને ૨૯ કરોડ રૂપિયાની નકલી જાહેરાતોના રૂપમાં ગુનાની વધુ આવક મેળવવા માટે કરવામાં આવ્યો હતો.

### આંધી-તોફાનના કારણે દિલ્હી એરપોર્ટ માં ભારે અફરાતફરી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨।

દેશની રાજધાની દિલ્હી-એનસીઆરમાં ભયંકર આંધી અને તોફાનના કારણે દિલ્હી એરપોર્ટ પર અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. આંધી- તોફાનના કારણે IGI એરપોર્ટ પર હવાઈ સેવાઓ લગભગ ઠપ્પ થઈ ગઈ હતી. શુક્રવારે સાંજે આવેલા આધી- તોફાનને કારણે આજે પણ ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ફ્લાઈટની સેવાઓ ખોરવાઈ ગઈ હતી. ફ્લાઈટ્સ મોડી પડવાના કારણે સેંકડો મુસાફરો અટવાઈ પડ્યા હતા. આંધી-તોફાનના કારણે શનિવારે સવારે પરિસ્થિતિ વધુ વણસી ગઈ. એરપોર્ટ પર અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જેનો એક વીડિયો પણ વાયરલ થયો છે, તેમાં જોઈ શકાય છે કે, એરપોર્ટ મુસાફરોથી ખીંચો ખીંચ ભરાઈ ગયો છે. હકીકતમાં, શુક્રવારે સાંજે દિલ્હી અને NCR વિસ્તારોમાં આવેલા ભયંકર વાવાઝોડાને કારણે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય (IGI) એરપોર્ટ પર હવાઈ સેવાઓ લગભગ ઠપ્પ થઈ ગઈ હતી તેમ કહીએ તો પણ ખોટું નથી.

### ઇડીએ આર્ટિકલ ૩૨ હેઠળ અરજી દાખલ કરતા સુપ્રીમ આશ્ચર્યમાં

## ઇડી નાગરિકોના મૂળભૂત અધિકારોનું પણ ધ્યાન રાખે : સુપ્રીમની સલાહ

**ઇડી પાસે અધિકારો હોય તો નાગરિકો પાસે પણ છે, એજન્સીએ તેનું પણ પાલન કરવું જોઇએ**

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।



સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીને સલાહ આપતા કહ્યું હતું કે કાયદાકીય કાર્યવાહી દરમિયાન ઈડી લોકોના મૂળભૂત અધિકારોનું પણ ધ્યાન રાખે. જો ઈડીના મૂળભૂત અધિકારો હોય તો એજન્સીએ અન્યોના મૂળભૂત અધિકારોનું પણ ધ્યાન રાખવું પડશે. છત્તીસગઢના નાગરિક આપુર્તિ નિગમ (એનએએન) કૌભાંડના મામલાને દિલ્હીમાં ટ્રાન્સફર કરવાની ઈડીની માગણી પર સુપ્રીમ કોર્ટે આ સલાહ આપી હતી. ઈડીએ આ સમગ્ર મામલાને છત્તીસગઢથી દિલ્હી ટ્રાન્સફર કરવા માટે સુપ્રીમ કોર્ટમાં બંધારણના આર્ટિકલ ૩૨ હેઠળ અપીલ દાખલ કરી હતી જે સામાન્ય રીતે વ્યક્તિગત અધિકારો સાથે જોડાયેલો આર્ટિકલ છે. આ આર્ટિકલ હેઠળ નાગરિક પોતાના અધિકારોના રક્ષણ માટે સીધા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે.

## USનો ઈરાની ઓઇલની હેરાફેરી બદલ ભારતીય નાગરિક, બે કંપની પર પ્રતિબંધ

### અમેરિકાના ટ્રેઝરી વિભાગે કહ્યું: યુએઈ સ્થિત બિઝનેસમેન જુગવિંદર બ્રારના જહાજો ઈરાની ઓઈલની હેરાફેરી માટે કામ કરે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

ઈરાનના મોટા જહાજમાં કામ કરનાર અને ઈરાની ઓઈલના શિપિંગમાં સામેલ સંયુક્ત અરબ અમીરાત સ્થિત એક ભારતીય નાગરિક અને બે ભારત સ્થિત કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે, તેમ અમેરિકાના ટ્રેઝરી વિભાગે જણાવ્યું છે.અમેરિકાના ટ્રેઝરી વિભાગે ગુરુવારે એક નિવેદનમાં કહ્યું કે, જુગવિંદર સિંહ બ્રાર કેટલીયે શિપિંગ કંપનીના માલિક છે, જેમની પાસે ૩૦ જહાજો છે, જેમાંથી કેટલાક જહાજ ઈરાનની ઓઈલની હેરાફેરી માટે કામ કરતા છે.ટ્રેઝરી વિભાગની ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ(ઓએફએસી) એ જુગવિંદરસિંહ બ્રાર, બે યુએઈ અને બે ભારત સ્થિત કંપનીઓની ઓળખ કરી છે, આ જહાજો બરારની માલિકીના છે અને તેનું સંચાલન કરે છે. જેમણે નેશનલ ઈરાની ઓઈલ કંપની(એનઆઈઓસી) અને ઈરાની સૈન્ય તરફથી ઈરાની ઓઈલનું પરિવહન કર્યુ છે. બરારના જહાજો ઈરાક, ઈરાન, યુએઇ અને ઓમાનની ખાડીના જળક્ષેત્રમાં ઈરાની પેટ્રોલિયમના હાઈ રિસ્ક શીપ-ટુ-શીપ ટ્રાન્સફરમાં સંલગ્ન છે. આ કાર્ગો પછી અન્ય સુવિધાકર્તાઓ સુધી ઓઈલ પહોંચાડે છે, જે અન્ય દેશોના ઉત્પાદનોની સાથે તેલ કે ઈંધણ મિલાવે છે અને ઈરાનનું ઓઈલ હોવાનું છપાવવા શિપિંગ ડોકયુમેન્ટ સાથે પણ છેડછાડ કરે છે, જેનાથી આ કાર્ગો આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચી જાય છે. અમેરિકાના ટ્રેઝરી વિભાગના સચિવ સ્કોટ બેસેન્ટે કહ્યું કે, ઈરાનની સરકાર પોતાના તેલના વેચાણ માટે અને પોતાની અસ્થિર કરનારી ગતિવિધિઓને ફંડિંગ કરવા માટે બરાર અને તેમની કંપનીઓ જેવા બેઈમાન શિપર્સ અને દલાલોના નેટવર્ક પર નિર્ભર રહે છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ઈરાન પર કેટલાક પ્રતિબંધો મૂકેલા છે, જેના કારણે ઈરાનને વિશ્વના બજારમાં પોતાના ઓઈલ ઉત્પાદનો વેચવામાં મુશ્કેલી પડી રહી છે.

### કિશ્તવાડમાં સેનાના જવાનોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા

।(એજન્સી) જમ્મુ, તા.૧૨।

જમ્મુ કાશ્મીરના કિશ્તવાડમાં ચાલી રહેલા અથડામણમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. આ એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં કૂલ ત્રણ આતંકી ઠાર થયા છે. જિલ્લાના છત્રૂ વન વિસ્તારમાં આ અથડામણ ચાલી રહી છે. એક ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ઓપરેશનમાં અત્યાર સુધીમાં ત્રણ આતંકીઓ માર્યા ગયા છે. તેમણે આગળ કહ્યું કે, વિસ્તારમાં ઓપરેશન ચાલી રહ્યું છે.

## પાકિસ્તાનમાં ભૂકંપ, લોકોમાં ગભરાટ, તીવ્રતા ૫.૮ મપાઇ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૨ ।

પાકિસ્તાનમાં શનિવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે ઘણા વિસ્તારોમાં ગભરાટ ફેલાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૮ માપવામાં આવી હતી. ભૂકંપના આંચકા આવતા જ લોકો ભયભીત થઈને ઘર છોડીને બહાર દોડી આવ્યા હતા. ઘણા વિસ્તારોમાં લોકો ચીસો પાડતા અને ખુલ્લા મેદાન તરફ દોડતા જોવા મળ્યા હતા. હાલ કોઈ મોટી જાનહાનિ કે જાનહાનિ અંગે કોઈ માહિતી નથી. પાકિસ્તાનમાં ભૂકંપના આંચકા કાશ્મીર ઘાટીમાં પણ અનુભવાયા હતા. આ પહેલા પાકિસ્તાનમાં ૨ એપ્રિલે સવારે ૨.૫૮ કલાકે ભૂકંપ આવ્યો હતો. આ દરમિયાન ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૩ હતી. ભૂકંપ બાદ લોકો ખૂબ જ ગભરાઈ ગયા હતા પરંતુ કોઈને નુકસાનના સમાચાર નથી. તાજેતરમાં જ મ્યાનમાર અને બેંગકોકમાં આવેલા ભૂકંપને કારણે થયેલી તબાહી દુનિયાએ જોઈ હતી. પાપુઆ ન્યુ ગિનીના ન્યુ આયર્લેન્ડ પ્રદેશના દરિયાકાંઠે આજે સવારે ૬.૨ની તીવ્રતાનો ભૂકંપ પણ આવ્યો હતો. યુએસ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, કોકોપોથી ૧૧૫ કિલોમીટર દૂર દરિયામાં ૭૨ કિલોમીટરની ઉંડાઈમાં આંચકો અનુભવાયો હતો.

## નાગપુરની એલ્યુમિનિયમ ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ

। (એજન્સી) નાગપુર, તા. ૧૨ ।

મહારાષ્ટ્રના નાગપુરની એક એલ્યુમિનિયમ ફોયલ ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ થયો છે. જે બાદ ભીષણ આગ લાગી ગઈ હતી. આગની જ્વાળાની ચપેટમાં આવી જવાથી પાંચ લોકોના મૃત્યુ થઈ ગયા છે. તેમાંથી બે લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા છે. તો વળી ત્રણ લોકો ગુમ છે. જેમના મૃત્યુની પુષ્ટિ કરી દેવામાં આવી છે. કહેવાય છે કે, આ વિસ્ફોટ સાંજના લગભગ ૭ વાગ્યો થયો હતો. ધમાકા બાદ લગભગ એક કિમી દૂર સુધી ધુમાડો દેખાઈ રહ્યો હતો. હકીકતમાં જોઈએ તો નાગપુરના ઉમરેડ MIDCમાં એલ્યુમિનિયમ ફોયલ બનાવતી ફેક્ટરીમાં શુક્રવારે આગ લાગી ગઈ હતી. તેમાં ૬ લોકો ઘાયલ થઈ ગયા હતા. જેમાં નાગપુરની સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા. તેમાંથી ૨ લોકોના મૃત્યુ થઈ ગયા છે, ૫ લોકોના મૃત્યુની જાણકારી નાગપુરના ગ્રામિણ એસપી હર્ષ પોદારે આપી હતી. ઘટનાને લઈને જણાવ્યું છે કે, ફેક્ટરીમાં એલ્યુમિનિયમ પાઉડરના કારણે આગ વધારે ભડકી ગઈ. આ સાથે એસપી હર્ષ પોદારે એમ પણ જણાવ્યું કે આ વિસ્ફોટ ફેક્ટરીના પોલિશ ટ્યુબિંગ યુનિટમાં થયો હતો.



## શામળાજી બોર્ડર પાસેથી ઝડપાયો લાખોનો દારૂનો જથ્થો

। (એજન્સી) શામળાજી, તા.૧૨ ।

ગુજરાતમાં અવારનવાર દારુનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે ફરી એક વાર અરવલ્લીના શામળાજી બોર્ડર પર દારુ જથ્થો ઝડપાયો છે. શામળાજી પોલીસ દ્વારા વાહન ચેકિંગ દરમિયાન દારુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. અણસોલ ચેકપોસ્ટ પર ટ્રકમાંથી ૧૬.૬૯ લાખની કિંમતના દારુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ટ્રકના કન્ટેનરમાં ખાસ ખાનું બનાવીને દારૂની હેરાફેરી કરાઈ રહી હતી. તપાસ કરતાં દારુની ૧૧ હજાર ૬૬૪ નંગ બોટલ મળી આવી હતી. શામળાજી પોલીસ ચેકિંગ દરમિયાન દારુ સાથે એકને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ આ અગાઉ સુરતમાંથી દારુનો જથ્થો ઝડપાયો છે. સુરતના જહાંગીરપુરા પોલીસની પેટ્રોલિંગ દરમ્યાન કારમાંથી દારૂ ઝડપાયો છે.

## ઈસનપુર પોલીસે નકલી પોલીસ બની તોડ કરતા ત્રણ શખ્સની ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદની ઈસનપુર પોલીસે યાસીન શબ્બીર કુરેશી ઉર્ફે પપૈયો, મોહસીન રફિક શેખ ઉર્ફે બીડુ અને અબરાર સત્તાર પઠાણ ઉર્ફે મુન્નાની ધરપકડ કરી છે. ઈસનપુર પોલીસે આ ત્રણેયની નકલી પોલીસના ગુનામાં ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપી ઓ ગઈ તારીખ ૪ એપ્રિલના રોજ આ ત્રણ આરોપી પૈકી બે આરોપી મોહસીન રફિક શેખ ઉર્ફે બીડુ અને અબરાર સત્તાર પઠાણ ઉર્ફે મુન્નો રાત્રે ૧૧ વાગ્યે ઘોડાસરથી કેડિલા બ્રિજ પર જવાના રસ્તા પર ચાર્કિંગ ના બહાને ફરિયાદી ને પોલીસ તરીકે ઓળખ આપી હતી અને ત્યાર બાદ ફરિયાદીનું વાહન રોક્યું હતું. બાદમાં વેપારીને બે લાફા મારીને 'દેહવ્યાપારની પ્રવૃતિમાં જોડાયેલ છે' તેમ કહી ધાક ધમકી આપી હતી.

### કોંગ્રેસના અધિવેશન પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કર્યા પ્રહાર

# કોંગ્રેસ પર ગરજ્યા નીતિન કાકા, દેશમાં ભેગું થવું હોય તો સરદાર પટેલનું નામ લેવું પડશે

### કોંગ્રેસને ભગવાને બુદ્ધિ આપી અને કોંગ્રેસ ભેગી કરવા યાદ આવ્યું ગાંધીજી, ઇન્દિરા, રાજીવના નામે કોંગ્રેસ દેશમાં નહીં ચાલે

। (એજન્સી) મહેસાણા, તા.૧૨ ।

ગુજરાતમાં કોંગ્રેસ પરિવર્તનની દિશામાં આગળ વધી રહી છે. આવામાં ભાજપના નેતા નીતિન પટેલે કોંગ્રેસને મોટી સલાહ આપી છે. તેમણે કોંગ્રેસ અધિવેશન વિશે સવાલ ઉઠાવતા કહ્યું કે, કોંગ્રેસને રહી રહીને યાદ આવ્યા સરદાર... દેશમાં ભેગું થવું હોય તો સરદાર પટેલનું નામ લેવું પડશે.

મહેસાણાના કડી ખાતે કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ કડીમાં સક્રિય કાર્યકર્તા સંમેલનમાં નીતિન પટેલ કોંગ્રેસ પર ગરજ્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસને રહી રહીને સરદાર પટેલ યાદ આવ્યા છે. કોંગ્રેસને ભગવાને બુદ્ધિ આપી અને કોંગ્રેસ ભેગી કરવા યાદ આવ્યું. ગાંધીજી, ઈન્દિરા, રાજીવના નામે કોંગ્રેસ દેશમાં નહીં ચાલે. દેશમાં ભેગું થવું હોય તો સરદાર પટેલનું નામ લેવું પડશે.

તેમણે આગળ કહ્યું કે, આલિયા,માલિયા, જમાલિયાનું નામ નહીં ચાલે. જવાહરલાલ નહેરુ હોય, ઈન્દિરા હોય કે રાજીવ ગાંધી હોય એ નહેરુ પરિવારનું નામ નહીં ચાલે. સરદાર વલ્લભભાઈનું નામ તણખલા જેવું સાબિત થઈ ચૂક્યું છે. પણ એમનું કાંઈ ચાલવાનું નથી, કોંગ્રેસ દેશમાં ખરાબ થઈ ગયા છે. દેશ વિરોધીઓને મદદ કરવી, આંતકવાદીઓને મદદ કરવી. વકફના કાયદાનો અભ્યાસ કરવો જરૂરી છે. વકફનો કાયદો ઈસ્લામી દેશોમાં નથી, આપણા દેશમાં હતો. મુસલમાન કહે ૧૦૦ વર્ષ પહેલાં મારા દાદાએ આ ખેતરમાં નમાઝ પઢી હતી. આ ખેતર વકફ બોર્ડને દાન આપી દઉં, વકફ બોર્ડ તેનો કબજો કરી લે. આવું દાયકાઓ સુધી ચાલ્યું હતું. આપણી સરકારે મુસ્લિમને અન્યાય ના થાય એવો વકફનો નવો કાયદો કર્યો છે.

### રાજકોટના વેપારીઓને લીલાલહેર

# ગરમીને કારણે એર કન્ડિશનર ફ્રીજ અને કૂલરની માંગમાં નોંધપાત્ર વધારો

### હવામાન વિભાગની હીટવેવની આગાહીને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં માંગ હજુ વધવાની શક્યતા છે



। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં એપ્રિલ મહિનાની શરૂઆતથી જ ગરમીનો પારો ઝડપથી ઉપર જઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે, જેના કારણે તાપમાન ૪૪ ડિગ્રીથી પણ વધુ નોંધાઈ શકે છે. રાજકોટમાં હાલ ૪૪ ડિગ્રીની આસપાસ ગરમી નોંધાઈ રહી છે, જેના કારણે લોકોનું જીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. આ ભયંકર ગરમીએ લોકોને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બનાવી દીધું છે, અને બજારોમાં બપોરના સમયે સન્નાટો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં એર કન્ડિશનર (એસી), ફ્રીજ અને કૂલરની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે આ ઉત્પાદનો સાથે સંકળાયેલા વેપારીઓનો ધંધો ખૂબ જ ધમધમી રહ્યો છે. ગરમીના આ કહેરમાં જો કોઈ વેપારીઓ સૌથી વધુ વ્યસ્ત હોય, તો તે છે એસી અને કૂલરનું વેચાણ કરતા તેમજ તેની સર્વિસ અને રિપેરિંગનું કામ કરતા વેપારીઓ. રાજકોટના બજારોમાં એસી અને કૂલરની ખરીદી માટે ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. ઘણા લોકો પોતાના જૂના એસી કે કૂલરને રિપેર કરાવવા માંગે છે, પરંતુ વેપારીઓ પાસે એટલો સમય નથી કે તેઓ તાત્કાલિક સેવા પૂરી પાડી શકે. ઘણા ટેકનિશિયન બે-ત્રણ દિવસનું વેઈટિંગ આપી રહ્યા છે, જ્યારે કેટલાક તો રિપેરિંગનું કામ લેવાની ના પડી દે છે. આ ઉપરાંત, નવા એસી ખરીદવા માટે શોરૂમમાં ગ્રાહકોની લાઈનો લાગી રહી છે, અને ડિલર્સનો સ્ટોક પણ ઝડપથી ખૂટી રહ્યો છે. એપ્રિલ મહિનાની શરૂઆતથી જ એસી, ફ્રીજ અને કૂલરના વેચાણમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. ગુજરાતના અન્ય શહેરો જેવા કે અમદાવાદ, સુરત, વડોદરા અને ભાવનગરમાં પણ આ ઉત્પાદનોની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને એસીની ડિમાન્ડ એટલી વધી ગઈ છે કે ઘણી કંપનીઓએ પોતાના ઉત્પાદનમાં વધારો કરવો પડ્યો છે. ગ્રાહકો હવે એનર્જી-એફિશિયન્ટ અને ઈન્વર્ટર એસી તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે, જે વીજળીની બચત સાથે બહેતર કૂલિંગ આપે છે. કૂલરની વાત કરીએ તો, બજેટમાં ફિટ થતા ડેઝર્ટ કૂલર અને પોર્ટેબલ કૂલરનું વેચાણ પણ ખૂબ વધ્યું છે. ફ્રીજની માંગમાં પણ વધારો થયો છે, કારણ કે લોકો ઠંડા પાણી અને ખાદ્યપદાર્થોને લાંબા સમય સુધી તાજા રાખવા માટે નવા ફ્રીજ ખરીદી રહ્યા છે.આ ગરમીએ રાજકોટના લોકોના રોજિંદા જીવન પર ઊંડી અસર કરી છે. બપોરના સમયે રસ્તાઓ સૂના થઈ જાય છે, અને લોકો શક્ય હોય ત્યાં ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે.

# રાજકોટઃ કોઠારીયા રિંગ રોડ પર ૬૦ લાખના હીરાની ચોરી

### આ મામલે અલગ અલગ ટીમો બનાવીને પોલીસે આરોપીઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

શહેરના કોઠારીયા રિંગ રોડ પર ધર્મનગર સોસાયટીમાં ખોડિયાર ડાયમંડ નામના કારખાનામાં ગુરુવારના રોજ રાત્રિના આઠ વાગ્યાથી લઈ શુક્રવારના રોજ સવારના ૬:૦૦ વાગ્યા સુધીમાં અજાણ્યા વ્યક્તિ દ્વારા કારખાનામાં રહેલ ૬૦,૮૩,૬૫૦ રૂપિયાની કિંમતના ૧૧૬૫૫ જેટલા કાચા હીરાની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે ૩૭ વર્ષીય વિપુલ ગોંડલિયા નામના હીરાના વેપારી દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે બીએનએસની કલમ ૩૦૫(છ), ૩૩૧(૪) સહિતની કલમ અંતર્ગત અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર બનાવની જાણ થતાં ડીસીપી, એસીપી, પીઆઈ સહિતના અધિકારીઓ ઘટના સ્થળ ખાતે દોડી ગયા હતા.

પોલીસને આપેલી ફરિયાદમાં વિપુલ ગોંડલિયા નામના વેપારી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા બે મહિનાથી તેઓ ધર્મનગર સોસાયટી ખાતે ખોડિયાર ડાયમંડ નામના હીરાનું કારખાનું ચલાવે છે. તેમજ કારખાનામાં ૪૪ જેટલા કારીગરો કામ કરે છે. ૧૦ તારીખના રોજ સવારના ૦૭:૦૦ વાગ્યા આસપાસ કારખાનું શરૂ કર્યું હતું.

સુરતથી દરરોજની જેમ સી.વી. ઈમ્પેક્ટ નામની પેઢી જે ચંદુભાઈ ડુંગરાણીની છે. તેમને ત્યાંથી આંગડિયા મારફતે કાચા હીરા આવ્યા હતા. ત્યારબાદ દિવસ દરમિયાન ૧૫ ઘંટી ઉપર હીરાનું પાલિશ કામકાજ ચાલુ કરેલું હતું. તેમજ રાત્રિના આઠ વાગ્યાના અરસામાં કારખાનું બંધ કરીને હું મારા ઘરે જતો રહ્યો હતો. દરમિયાન શુક્રવારના રોજ સવારના ૬:૦૦ વાગ્યા આસપાસ કારખાને આવતા ઓફિસનો દરવાજો તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો.

દરવાજો ખોલી અંદર જતા લોખંડની તિજોરી આશરે અઢી ફૂટની છે તે તિજોરીમાં ચાવી ભરાવાની જગ્યાએ લોખંડના ડ્રીલથી હોલ પાડેલું હોવાનું જણાઈ આવ્યું હતું. ત્યારબાદ કારખાનામાં ચોરી થયેલું જણાતા તિજોરીમાં જે હીરા રાખેલા હતા તે તેમજ કાચા હીરા સહિતનાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. કારખાનામાં સીસીટીવી કેમેરાનું ડ્ફઇ રાખેલું હતું તે પણ જોવા નહોતું મળ્યું. આમ કારખાનાના પાછળના ભાગે એક લોખંડનો દરવાજો આવેલ છે તે દરવાજાનો આકડીઓ બળ વાપરીને ખોલીને કોઈ વ્યક્તિ અંદર આવ્યો હોય તેવું જણાય આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર મામલે રાજકોટ ઈન્ચાર્જ એસીપી પૂર્વ રાજેશ બારિયાના જણાવ્યા અનુસાર બનાવ સંદર્ભે હાલ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ, ભક્તિનગર પોલીસ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ તેમજ ડીસીપી ઝોન ૧ની લોકલ ક્રાઈમ બ્રાન્ચની જુદી જુદી ૧૦ જેટલી ટીમો બનાવી શોધખોળ હાથ ધરવામાં આવી છે.

### ફરી એક વખત નકલીનો ખેલ શરૂ થયો

## અમદાવાદમાં નકલી સરકારી વકીલની ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

સોલા પોલીસની કસ્ટડીમાં રહેલા આરોપીનું નામ મયંક સંઘાણી છે.જેની ધરપકડ ખોટી ઓળખ આપી ફરિયાદી પાસેથી રૂપિયા પડાવી છેતરપિંડી કરવાના ગુનામાં કરવામાં આવી છે.આરોપી મયંક સંગાણીએ પોતાની ઓળખ ગુજરાત હાઈકોર્ટના સરકારી વકીલ કાર્તિક પંડ્યા તરીકે આપી હતી છેડતીના કેસમાં જેલમાં રહેલા આરોપીને જામીન અપાવવા તે પરિવારને મદદ કરશે અને આરોપી વિરુદ્ધ કોર્ટમાં ધારદાર દલીલો નહીં કરે તેમ કહી રૂપિયા માંગ્યા હતા,આરોપી મયંકે રૂપિયા ૭૫ હજારની માંગ કરી ફરિયાદી પાસેથી રૂા. ૨૦,૦૦૦ પડાવી લીધા હતા,જોકે આરોપી મયંક હાઈકોમાં ચપ્પલ પહેલી ફરિયાદી ને મળવા આવતા શંકા ઉપજી હતી જેથી પૂછપરછ કરતા આરોપીની હકિકત સામે આવી.જે આધારે સોલા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.૨ ઝડપાયેલા આરોપીની પૂછપરછ કરતા સામે આવ્યુ કે આરોપી મયંક સંઘાણી મૂળ જામનગરનો છે. અને ત્યાં હત્યા અને ૨ કરોડની ખંડણીના ગુનામાં ઝડપાયો હતો જેમા પેરોલ જમ્પ કરી ફરાર થયો હતો જોકે રુપિયાની જરુર હોવાથી કોર્ટનુ ડેઈલી બોર્ડ ડાઉનલોડ કરી આરોપીના પરિવારને સંપર્ક કરી સરકારી વકીલની ઓળખ આપી રૂપિયા પડાવ્યા છે.

### અમદાવાદમાં અસામાજિક તત્વોના વધી રહેલા આતંક

# અમદાવાદનાં જુહાપુરા વિસ્તારમાં જેલમાંથી બહાર આવેલા ગુનેગારોએ આતંક મચાવ્યો

### જાહેરમાં આતંક મચાવનારા આ તત્વો સામે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં અસામાજિક તત્વોના વધી રહેલા આતંક બાદ પોલીસ એક્શનમાં આવી હતી. સમગ્ર રાજ્યની પોલીસે ગુનાખોરી આચરનારા તત્વોની એક યાદી તૈયાર કરી હતી. ત્યાર બાદ તેમની સામે કાર્યવાહી શરૂ કરાઈ હતી. પોલીસની કાર્યવાહીનો કોઈ ડર જ ના હોય તેમ આવા તત્વો આતંક મચાવી રહ્યાં છે. અમદાવાદમાં જુહાપુરા વિસ્તારમાં જેલમાંથી બહાર આવેલા ગુનેગારોએ આતંક મચાવ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં જેલમાંથી બહાર આવેલા ગુનેગારોએ આતંક મચાવ્યો હતો. મુસ્કાન ગાર્ડન પાસે સ્થિત એક સોસાયટીમાં વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. અઝહર કવ્વાલ, એઝાઝ ઘાંચી અને સાજિદે આતંક મચાવતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. જાહેરમાં આતંક મચાવનારા આ તત્વો સામે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

જેલમાંથી થોડા દિવસ પેહલા બહાર આવેલા અઝહર કવ્વાલ, એજાજ ઘાંચી અને સાજીદે પૂર ઝડપે કાર દોડાવી સોસાયટીને જાણે બાનમાં લીધી હોય તે રીતે રૌફ જમાવ્યો હતો અને સોસાયટીના લોકોને ગાળો આપી હતી. ત્યારબાદ સોસાયટીમાં પડેલા વાહનોમાં તોડફોડ શરૂ કરી હતી. પોલીસે આરોપીઓ સામે કાર્યવાહી કરવા વધુ તપાસ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, શહેરના વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાં જાહેરમાં હથિયારો સાથે આતંક મચાવનારા લોકોને પોલીસે પકડીને બરાબર સરભરા કરી હતી. પરંતુ ગુનેગારોમાં જાણે પોલીસનો કોઈ ડર જ રહ્યો ના હોય તેમ ગુનાખોરીના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યાં છે.

### સ્ટોલ દીઠ ૧૫ હજાર ભાડુ

## અમદાવાદનું લો ગાર્ડનનું હેપ્પી સ્ટ્રીટ ફરીથી ધમધમશે

। (એજન્સી) અમદાવાદ તા.૧૨ ।

અમદાવાદના લૉ ગાર્ડન ખાતે મહાનગર પાલિકાએ રિડેવલપમેન્ટ કરીને હેપ્પી સ્ટ્રીટ તૈયાર કરવામાં આવ્યું હતું. જ્યાં વિવિધ સ્ટોલ ધારકો દ્વારા ખાણીપીણીનું બજાર ચાલતું હતું. જ્યારે અમુક સમય બાદ AMCએ અહીં ફૂડ સ્ટ્રીટ બંધ કરીને પે એન્ડ પાર્કિંગ બનાવી દીધું હતું. જેને લઈને સ્ટોલ ધારકોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી.

જ્યારે હવે AMC દ્વારા લૉ ગાર્ડન ખાતે ફરીથી હેપ્પી સ્ટ્રીટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે, ત્યારે અગાઉના ૩૬ સ્ટોલ ધારકો ઉપરાંત અન્યોને ટેન્ડર મુજબ સ્ટોલની ફાળવણી કરવામાં આવશે. મળતી માહિતી મુજબ, શહેરના લૉ ગાર્ડન ખાતે વર્ષ ૨૦૧૯માં છસ્ઝએ રિડેવલપમેન્ટ કરીને હેપ્પી સ્ટ્રીટ બનાવવામાં આવ્યું હતું. જ્યાં ખાણીપીણી સહિતના ૩૬ સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા. આ પછી AMCએ અહીં પે એન્ડ પાર્કિંગ શરૂ કર્યું હોવાથી સ્ટોલ ધારકોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જ્યારે હવે તંત્રએ ફરીથી હેપ્પી સ્ટ્રીટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે, ત્યારે ટેન્ડર મુજબ સ્ટોલ માટે જગ્યા આપવામાં આવશે અને એક સ્ટોલ દીઠ ૧૫ હજાર ભાડુ રહેશે. મળતી માહિતી અનુસાર, અમદાવાદ રિવરફ્રન્ટ પર બોટિંગ સેવા ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે. જેને લઈને ઈન્સ્ટિટ્યુટ ઑફ રિઝર્વોયર સ્ટડીઝ (IRS) દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

**વિશેષ** મુખ્યમંત્રીશ્રીએ ૯૪ કરોડના વિકાસ કામનું ઇ- ખાતમુહૂર્ત અને ઇ- લોકાર્પણ તેમજ ૬૩૪ કરોડના માર્ગો નવીનીકરણ સહિતના નવા કામોની જાહેરાત કરી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિસાવદર ખાતેથી જૂનાગઢ જિલ્લામાં ૬૩૪ કરોડના નવા કામોની જાહેરાત કરી ૯૪ કરોડના વિકાસ કામોની ભેટ આપી

। (માહિતી) ગાંધીનગર ।

વિસાવદરમાં રૂ.૫૫ કરોડના ખર્ચે નવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનશેઃ ઉપરાંત રૂ. ૨૫૯ કરોડના ખર્ચે વિસાવદર તાલુકા માટે રોડના નવા કામો હાથ ધરાશે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની નેમ સાકાર કરવા જનહિતના નવ સંકલ્પને ચરિતાર્થ કરીએ. જળસંચયના કામોની સરકારને અગ્રતાઃ ધારાસભ્ય અપાતી ગ્રાન્ટ માંથી ૫૦ લાખ માત્ર જળસંચયના કામો માટે ખર્ચ કરવાની જોગવાઈથી સિંચાઈ યોજના મજબૂત બનશે.

વિસાવદર પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની કર્મભૂમિ છે. ગામડાઓમાં પણ ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છેઃ વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટની નેમ રોડ કનેક્ટિવિટી સહિતના માળખાગત કામોથી સાકાર થશે. વિસાવદર ખાતે વિકાસ પ્રકલ્પોના પ્રારંભ પ્રસંગે કૃષિ અને પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ જિલ્લાના વિસાવદર માર્કેટ યાર્ડ ખાતેથી વિસાવદર સહિત જૂનાગઢ જિલ્લાના ૬૩૪ કરોડના કરોડના વિકાસ કામોની જાહેરાત અને ૯૪ કરોડના કામોની ભેટ આપતા જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની રાજનીતિથી છેવાડાના લોકો સુધી સરકારના વિકાસ કાર્યો પહોંચ્યા છે. આ તકે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું કે સરકાર વિકાસ માટે જોઈએ એટલા નાણા આપશે. સ્થાનિક ટીમ સંકલન કરીને નવા વિકાસ કામોની પણ દરખાસ્ત મોકલી આપે. મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ જિલ્લામાં રૂ. ૬૩૪ કરોડથી વધુના નવા કામોની જાહેરાત કરી હતી. ૯૪ કરોડના ઈ - ખાતમુહુર્ત અને લોકાર્પણ સહિત વિકાસ કાર્યોની ભેટ આપી હતી. રાજ્યમાં થઈ રહેલા નવા વિકાસ કામોની બાબતો સહિત મુખ્યમંત્રીએ વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની નેમ ચરિતાર્થ થશે તેમ પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ જિલ્લાની ૫ વિધાનસભા વિસ્તાર માટે રોડ રસ્તા સહિતના વિકાસકામો માટે અંદાજે રૂ.૬૩૪ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. જેમાં વિસાવદરમાં રોડ રસ્તા માટે અંદાજે રૂ. ૨૫૯ કરોડ ઉપરાંત રૂ. ૫૫ કરોડના ખર્ચે અધ્યતન



સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના નિર્માણના કામનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારે બજેટમાં પાંચ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવાની જોગવાઈ કરી છે તેમાં વિસાવદરનો પણ સમાવેશ છે અને આ માટે જમીનની પણ ફાળવણી થઈ ગઈ છે. મુખ્યમંત્રીશ્રીએ પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ અને તેમની કર્મભૂમિને યાદ કરતા કહ્યું કે રાજ્ય સરકારે જ્ઞાન આધારિત વિકાસ ની નીતિ હાથ ધરીને શિક્ષણ, સ્કિલ ડેવલોપમેન્ટ અને યુવાઓને રોજગારી ના નવા અવસરો પ્રાપ્ત થાય તે માટે નેમ લીધી છે અને આ કાર્યમાં સર્વાંગી વિકાસના કામો હાથ ધર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની અગ્રતાના સંદર્ભમાં કહ્યું કે, તાજેતરમાં ધારાસભ્યોને મળતી ગ્રાન્ટમાં સરકારે રૂપિયા એક કરોડનો વધારો કર્યો છે, તેમાં રૂ.૫૦ લાખ માત્ર પાણીના કામોમાં ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ખેડૂતોના કલ્યાણ માટે અનેક કામો હાથ ધરવામાં આવ્યા છે, તે સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, પાણીના કાર્યો માટે નાણા વાપરવાની આ ખાસ જોગવાઈ થી જળ સિંચાઈના કામોથી સિંચાઈ વ્યવસ્થા મજબૂત થશે અને પાણીને બચાવવાનું કર્તવ્ય આપણે જન ભાગીદારીથી નિભાવીએ તેવો પણ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા દર્શનમાં આપણે નવ સંકલ્પને સાકાર કરીએ તેમ જણાવીને જળસંચય, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, વોકલ ફોર લોકલ, પર્યટન સંવર્ધન, મેદસ્વિતા નિયંત્રણ, યોગ રમતગમત અને બીજાને મદદ કરવા સહયોગ સહિતની નેમ પાર પાડવા જનમેદની ને આહવાન કર્યું હતું. રાજ્યના કૃષિ મંત્રી અને જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે આપણો વિસ્તાર ખેતી આધારિત છે. ચાલુ વર્ષે સારો વરસાદ થયો છે. ઉત્પાદન પુષ્કળ પ્રમાણમાં થયું છે.હાલ ઉનાળુ પાકનું વાવેતર થઈ રહ્યું છે. ખેડૂતોની આવકમાં વધારો થાય અને એને પોષણક્ષમ ભાવ આપવા માટે સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરે છે.હાલ મગફળીનું મબલખ ઉત્પાદન થયું છે ત્યારે સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેના લીધે ખેડૂતોને સીધો જ ૫૦ થી ૭૦ હજારનો ફાયદો થાય છે. આમ રાજ્ય સરકાર ખેડૂતોના દરેક પ્રશ્ન સમસ્યા માટે હર હંમેશ તેની પડખે છે.તેમણે આ તકે જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ ને સહકારથી સમૃદ્ધિનું મંત્ર સાકાર કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં દરેક ક્ષેત્રે ઝડપ થી વિકાસ થાય એ દિશામાં મુખ્યમંત્રીશ્રીના દિશા નિર્દેશમાં કામ થઈ રહ્યું છે.ઘણા વર્ષોથી આ વિસ્તારની રોડ ,રસ્તા ની અને અન્ય માંગણીઓ હતી. મુખ્યમંત્રીશ્રીએ વિકાસના વિવિધ પ્રકલ્પોની ભેટ આપી છે. જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી કિરીટ પટેલે જણાવ્યું હતું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શનમાં,કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને દ્રષ્ટિથી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના વડપણ હેઠળ સહકારી ક્ષેત્રે ખેડૂતને મદદ કરવા માટે મુહિમ શરૂ કરી છે. આજે મુખ્યમંત્રીશ્રીના હસ્તે જૂનાગઢ જિલ્લા સહકારી બેંક એ શાખાઓના નવીનીકરણનું એ લોકાર્પણ થવા જઈ રહ્યું છે, ત્યારે ગામડાઓમાં પણ માળખાકીય સુવિધામાં વધારો થશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નિવૃત્તિ વિશે કલ્પના કરવી? તમે છોડવા માંગતા ન હો તે કારકિર્દી કેવી રીતે બનાવવી તે અહીં છે

**મોટા ભાગનું કામ વ્યર્થ છે, તમારા બોસ માંગણી કરી રહ્યા છે, કાર્યો મામૂલી છે, તમને તમારી કિંમતની ચૂકવણી કરવામાં આવી નથી અને તમે ક્યારેય પૂરતી ઊંઘ મેળવી શકતા નથી.**



પ્રથમ સમસ્યા એ છે કે કામ ઘણીવાર જરૂરી છે. બીજી સમસ્યા એ છે કે, જો તમે ભાગી શકો તો પણ તમને સમાન પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડશે. તમને જીવવા માટે પૈસાની જરૂર છે, અને, ધારી લઈએ કે તમે ટ્રસ્ટ ફંડ સાથે જન્મ્યા નથી, તેનો અર્થ એ કે તમારે તેને કમાવવા માટે કામ કરવું પડશે. ચોરી કર્યા વિના તે પૈસા મેળવવા માટે, અન્ય લોકોએ તે તમને આપવા પડશે. જેનો અર્થ થાય છે કે તેઓને વધુ મૂલ્યવાન વસ્તુના બદલામાં તે આપવાની જરૂર છે. આ મૂલ્ય સમીકરણ એ કારણ છે કે ઘણા રોકાણ કૌભાંડો કામ કરતા નથી. તેઓ તમને એવું વિચારીને ફસાવે છે કે તમે વિનિમયમાં મૂલ્ય ઉમેર્યા વિના પૈસા મેળવી શકો છો. વાસ્તવિક રોકાણ આ કરે છે - અન્ય લોકોને તમારા નાણાંનો ઉપયોગ કરવાની મંજૂરી આપીને, તેના બદલામાં પાછળથી વ્યાજ (અથવા નફો) સાથે. જો કે, યોજનાઓ આ તર્કને બાયપાસ કરવાનો પ્રયાસ કરે છે, તેમ છતાં, તમને બતાવવા માટે કે તમે ઓછા કામ માટે અને ઓછા જોખમમાં બીજા બધા કરતાં વધુ કમાણી કરી શકો છો તેવો એક માર્ગ છે. મૂલ્ય, જોકે, પૂરતું નથી. કારણ કે આપણે બજારના અર્થતંત્રમાં રહીએ છીએ, અમે બધા તેને પહોંચાડવા માટે સ્પર્ધા કરી રહ્યા છીએ. જેનો અર્થ એ છે કે તમે જે મૂલ્ય ઓફર કરો છો તે દરેક વ્યક્તિ સૌથી નીચી કિંમતે બિડ મેળવવાનું વલણ ધરાવે છે. આ સ્પર્ધાત્મક સમીકરણ બતાવે છે કે મોટાભાગની નિષ્ક્રિય-આવક પ્રણાલીઓ કેમ નિષ્ફળ જાય છે. તમે એવી સિસ્ટમને સ્વચાલિત કરી શકો છો કે જે તમે સૂતા હોવ ત્યારે નાણાં ઉત્પન્ન કરી શકે, પરંતુ તે જ વસ્તુ કરવાથી અને તમારા નફાને ઘટાડવાથી બીજાને શું અટકાવવાનું છે? પ્રારંભિક નિવૃત્તિના ઉત્સાહીઓ કરકસરથી જીવીને અને ઉન્મત્ત બચત દર રાખીને આ મુશ્કેલીને ટાળી શકે છે. સારું કર્યું, તમે તમારા કાર્યકારી જીવનમાંથી એક દાયકા (અથવા બે) પણ હજામત કરી શકશો. જો કે, કામને એકસાથે છોડી દેવાથી શૂન્યાવકાશ સર્જાય છે. તમે તમારા સમય સાથે શું કરવા જઈ રહ્યા છો? તમને અર્થ અને હેતુ શું આપશે? વહેલા નિવૃત્ત થવું સેક્સી લાગે છે, જ્યાં સુધી તમને ખ્યાલ ન આવે કે તે તમને ન ગમતી વસ્તુને ટાળવાની માત્ર એક યોજના છે - તમને ગમશે તેવું જીવન બનાવવાની વ્યૂહરચના (પોતાની રીતે) નથી. ભાગી જવાને બદલે તમારે શું કરવું જોઈએ? મોટા ભાગનું કામ વ્યર્થ છે. પરંતુ તમારા માટે જરૂરી નથી. ખરેખર અર્થપૂર્ણ અને પરિપૂર્ણ કારકિર્દી મેળવવી શક્ય છે. એક જે તમને પડકાર આપશે, તમને ઉત્તેજિત કરશે અને તમને એવું અનુભવ કરાવશે કે તમારી પાસે એક મિશન છે - માત્ર નોકરીની સ્થિતિને બદલે. આ પ્રકારનું કામ કેવી રીતે મેળવવું તે માટેની ઉત્તમ સલાહ તમારા જુસ્સાને અનુસરવાની હતી. બહાદુર બનો. નોકરી છોડી દો. તમારા સપનાના વ્યવસાયમાં જાઓ, ભલે મોટાભાગના લોકો તે કરી શકતા નથી. આ મૂંગી સલાહ છે, અને તે બે કારણોસર ખરાબ છે. સૌપ્રથમ, તમારી પેશન સલાહને અનુસરો એ જ સમસ્યાઓ ઊભી કરે છે જેવી અન્ય વર્ક-એસ્કેપ વ્યૂહરચનાઓ જે મેં ઉપર ઉલ્લેખ કર્યો છે. પૂર્વ-અસ્તિત્વમાં રહેલા જુસ્સોની સૂચિ જે લોકો માને છે કે તેમની પાસે અસ્તિત્વમાં રહેલી કુલ નોકરીઓ કરતાં ઘણી સાંકડી છે. લોકો ઓફિસ મેનેજર નહીં પણ ડાન્સર બનવાનું સપનું જુએ છે. "જુસ્સો" નોકરીઓ ત્યાંની કુલ નોકરીઓ કરતાં ઘણી ઓછી હોવાથી, તેઓ અત્યંત સ્પર્ધાત્મક હોય છે. આમ તેઓ ઓછા પૈસા ચૂકવે છે અને ટકી રહેવું મુશ્કેલ બનાવે છે. સ્પર્ધા અન્ય નકારાત્મક વલણોને પણ વધારી શકે છે. હું તમને કહી શકતો નથી કે મેં કેટલી વાર ધિક્કારપાત્ર બોસ અને સહકર્મીઓ વિશે સાંભળ્યું છે જે ઉદ્યોગોમાં લોકો જુસ્સા માટે જાય છે. તેઓ અસ્તિત્વમાં છે.

**"જુસ્સો" સ્પર્ધા અન્ય નકારાત્મક વલણોને પણ વધારી શકે**

## ડિફૉલ્ટ જીવનશૈલી પસંદગી ઓથી સાવચેત રહો


# તમારે તમારી જીવનશૈલીને વાટાઘાટ કરવાની જરૂર છે

**મોટાભાગની વસ્તુઓ વાટાઘાટ કરી શકાય તેવી હોય છે, જો તમે દુર્લભ અને એટલા મૂલ્યવાન છો કે લોકો તમને અપવાદ બનાવી શકે**



જ્યારે કારકિર્દીની મૂડી મેળવવી એ મામૂલી નથી, અને તે મુખ્ય વસ્તુ છે જે વિવિધ કારકિર્દીની ઈચ્છનીયતાને અલગ પાડે છે, તે તમને ગમશે તેવું કામ કરવાનું એકમાત્ર પગલું નથી. કારકિર્દીની મૂડી પૂરતી નથી, તમારે જે જીવનશૈલી જીવવી હોય તે માટે વાટાઘાટો કરવા માટે તમારે ખરેખર તેનો ઉપયોગ કરવાની જરૂર છે. તમે ખરેખર કેવા પ્રકારની જીવનશૈલી ઈચ્છો છો? ઘણા લોકો માટે, તેઓ ક્યારેય પાછળ હટતા નથી અને ખરેખર પોતાને પૂછે છે કે તેઓ કેવા પ્રકારની કારકિર્દી ઈચ્છે છે. તેના બદલે, તેઓ સ્કિનર બોક્સમાં મહત્વાકાંક્ષી ઉંદરોની જેમ કાર્ય કરે છે, ટૂંકા ગાળાના કારકિર્દીના પુરસ્કારો મેળવવા માટે યોગ્ય લિવર્સને દબાણ કરે છે, તે પૂછ્યા વિના કે તેઓ તે બોક્સમાં પ્રથમ સ્થાને રહેવા માંગે છે કે કેમ. મેં તાજેતરમાં એવી વ્યક્તિ વિશેની આ રસપ્રદ વાર્તા વાંચી કે જે ભૌતિકશાસ્ત્રમાં "આકસ્મિક રીતે" મેજર બન્યો, ગ્રેડ મેળવવા માટે ટૂંકા ગાળાની સ્પર્ધા દ્વારા આગળ વધ્યો, અને પછી ગ્રેડ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો, તેણે ખરેખર ક્યારેય પૂછ્યું નહીં કે તે ખરેખર કેવા પ્રકારની કારકિર્દી ઈચ્છે છે. મને લાગે છે કે આ વાસ્તવમાં મોટાભાગના લોકો સમજે છે તેના કરતાં ઘણું સામાન્ય છે. તેઓ એવી કંપનીમાં પ્રવેશ કરે છે જે ખરેખર લાંબા સમય સુધી કામ કરવાને પ્રાથમિકતા આપે છે, તેથી તેઓ તેમની આસપાસના લોકોને ખુશ કરવા માટે કલાકો મૂકવાનું શરૂ કરે છે, આ કંપની ખરેખર યોગ્ય છે કે કેમ તે પૂછવાને બદલે. અથવા તેઓ વધારાના પ્રમોશનનો પીછો કરવાનું શરૂ કરે છે, ખરેખર પૂછ્યા વિના કે પગારમાં એક નાનો બમ્પ વધારાની જવાબદારીને યોગ્ય છે કે કેમ. પ્રથમ પાઠમાં, મેં એવા લોકોની મજાક ઉડાવી જેઓ મૂલ્ય ઉમેર્યા વિના સમૃદ્ધ થવા માટે ભ્રમનો પીછો કરે છે. પરંતુ, નિષ્પક્ષતામાં, ઓછામાં ઓછા તે લોકો પાસે જીવનશૈલી છે જે તેઓ બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તેઓ તેના વિશે બિનઅસરકારક રીતે જઈ શકે છે, પરંતુ તેઓ ઓછામાં ઓછું જાણે છે કે તેઓ કેવા પ્રકારનું જીવન બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. શું તમે? "પરંતુ તે જ રીતે વસ્તુઓ છે..." પ્રસંગોપાત હું એવી કોઈ વ્યક્તિ સાથે વાત કરીશ કે જે તેના અથવા તેણીના કામની સ્થિતિ વિશે ફરિયાદ કરે છે. કલાકો ખૂબ લાંબા છે. રજાઓ અસ્તિત્વમાં નથી. તમે ઘરેથી કામ કરી શકતા નથી અથવા લવચીક કલાકો મેળવી શકતા નથી. આ ફરિયાદોમાં ગર્ભિત એ છે કે નોકરીની આ જ રીત છે. તમારી પાસે કોઈ વિકલ્પ નથી. અલબત્ત, કેટલાક કિસ્સાઓમાં, તેઓ સાચા હોઈ શકે છે. જો તમારી નોકરી લગ્ન ફોટોગ્રાફર છે, તો તમે ઘરેથી કામ કરી શકતા નથી. જો તમે પ્રોગ્રામર છો, તો તમે આખો દિવસ કમ્પ્યુટર્સ સાથે કામ કરશો. કેટલીકવાર અવરોધો વાસ્તવિક કાર્યમાં આંતરિક રીતે જોડાયેલા હોય છે. પરંતુ દરેક વ્યક્તિ માટે મેં સાંભળ્યું છે કે જેઓ ફરિયાદ કરે છે કે "આ જ રીતે વસ્તુઓ છે", હું અન્ય લોકોને જાણું છું જેઓ નિયમો તોડે છે. મારા એક સારા મિત્રએ કંપનીની નીતિની વિરુદ્ધ હોવા છતાં તેનો બાકીનો સમય વ્યક્તિગત પ્રોજેક્ટ પર કામ કરવા માટે કંપનીમાં પાર્ટ ટાઈમ કામ માટે વાટાઘાટો કરી. હું એવા લોકોને જાણું છું જેઓ ઘરેથી કામ કરે છે, પછી ભલે તેમના સહકાર્યકરો ન કરી શકે. હું એવા લોકોને ઓળખું છું જેઓ વર્ષના છ મહિના કામ કરે છે અને બાકીના છ મહિનાની રજા લે છે.

# શું તમે વિચાર્યું છે કે તમે તમારા જીવન સાથે શું કરવા માંગો છો?



મને ખબર નથી કે મારે જીવનમાં શું કરવું છે, હું માત્ર એટલું જાણું છું કે તે આ નથી ." તે લાગણી હતી જે એક મિત્રએ મને પ્રતિબિંબિત કરી. તેણી વીસના દાયકાના મધ્યમાં છે, સ્માર્ટ, સમજદાર અને મહેનતુ છે. પરંતુ તેણી હજી પણ કામ કરતી નોકરીઓમાં અટવાઈ છે જે લઘુત્તમ વેતનથી વધુ આગળ વધતી નથી. દર વર્ષે, તેણી મને કહે છે, કે તેણી યુનિવર્સિટીઓ માટે અરજી કરે છે, પરંતુ તે ક્યારેય પસાર થતી નથી. શા માટે? કારણ કે તે આ પ્રશ્નનો જવાબ આપી શકતો નથી. ઉત્કટ વિકાસ થાય છે, મને ચિંતા છે કે ઘણા લોકો સમાન જાળમાં ફસાઈ જાય છે. તેઓ કંઈપણ કરવાનું શરૂ કરી શકે તે પહેલાં તેઓએ જીવનના મોટા નિર્ણયો લેવાની જરૂર છે તેવું માનવાની જાળ. તમારે ઉત્કટ સાથે જન્મ લેવાની જરૂર છે તે જાળ. અને જૂઠાણું કે તમારી રુચિઓને વ્યવસાય સાથે જોડવામાં સક્ષમ છે તે સરળ છે. જ્યારે લોકો મને પૂછે છે કે હું પાંચ કે દસ વર્ષમાં શું કરીશ, ત્યારે હું સામાન્ય રીતે તેમને કહું છું કે હું એક ઉદ્યોગસાહસિક બનવા જઈ રહ્યો છું. "ઓહ. તમારો વ્યવસાય શું હશે?" મારી પાસે એવું માનવા માટેનું કારણ છે કે આ ઈન્ટરનેટ વ્યવસાય તે હોઈ શકે છે. આવક અને ફ્રીલાન્સ વર્ક વચ્ચે હું આ વર્ષે લગભગ દસ હજાર ડોલર કમાવવાની અપેક્ષા રાખું છું. આગામી ચાર કે પાંચ વર્ષ માટે એકાગ્ર પ્રયત્નો ચોક્કસપણે આને રહેવા યોગ્ય આવક બનાવી શકે છે. પરંતુ હું સામાન્ય રીતે તે કહેતો નથી. કારણ કે તે મુદ્દો નથી. સંપૂર્ણ પ્રમાણિકતામાં, મને કોઈ ખ્યાલ નથી કે હું એક દાયકામાં ક્યાં જઈશ. મારો ટ્રેક રેકોર્ડ દર્શાવે છે કે છેલ્લા બે વર્ષોમાં પણ મારા જુસ્સામાં નોંધપાત્ર વિકાસ થયો છે. જેમ જેમ બેન તેની કિશોરવયના ઝઈ બનવાની વાર્તા શેર કરે છે, તે સ્પષ્ટ થાય છે કે તેનો જુસ્સો વિકસિત થયો છે. ઉદ્યોગસાહસિકતા અને તફાવત લાવવામાં રસ હતો. પરંતુ આ રુચિઓમાંથી, તેણે નાના પગલાઓ બનાવ્યા, દરેક એક ઉત્કટ નિર્માણ. હું માનતો નથી કે તેની મુસાફરી ક્યારેય તે નક્કી કરવા સાથે શરૂ થઈ છે કે તે તેના જીવનમાં શું કરવા માંગે છે. જિજ્ઞાસા સાથે નિર્ણય બદલો, કારકિર્દીના માર્ગ વિશે ચોક્કસ નિર્ણયો લેવાને બદલે, હું માનું છું કે તમારે ઉત્સુક થવું જોઈએ. વિશ્વ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે ઉત્સુક બનો. તમારી પોતાની રુચિઓ પર ધ્યાન આપો અને તમે કોઈ વસ્તુમાં જુસ્સાનો ઉપયોગ કરી શકો તેવી નાની રીતો શોધો. જો તમે હજી સુધી તેમાંથી પૈસા કમાવવાનો કોઈ રસ્તો શોધી શકતા નથી. જુસ્સાથી પૈસા કમાવનાર સુધીનો સેતુ ઉતાવળમાં ન બનાવી શકાય. વ્યાજ ઘણીવાર કાઢી નાખવામાં આવે છે કારણ કે તેને આવકના સ્ત્રોતમાં તરત જ રિલે કરી શકાતું નથી. અને તેથી તે કાર્ય જેટલું મહત્વનું નથી. બ્લોગિંગ એ એક ઉત્તમ ઉદાહરણ છે. હું ઘણા બ્લોગર્સને જાણું છું જેઓ પ્રો જવા માંગે છે. તેઓ તેમની પાસે જે વ્યાજ ધરાવે છે તે લેવા અને તેને આવકના ઉત્કટ સ્ત્રોતમાં ફેરવવા માંગે છે. પરંતુ બ્લોગિંગ સરળ નથી. મેં જોયેલી સૌથી ઝડપી સફળતાઓ પણ, લેખક બ્લોગિંગને શોખ કરતાં વધુ હોવાનો દાવો કરી શકે તે પહેલાં એક વર્ષનો સમય લીધો. અને તે પ્રતિભા, નસીબ અને અવિશ્વસનીય કાર્યને કારણે હતા. ધીરજ એ જુસ્સાના વિકાસ માટે જરૂરી ઘટક છે. પરંતુ તેનાથી પણ વધુ, તમારે અન્ય શક્યતાઓ માટે ખુલ્લા રહેવાની જરૂર છે. આવક માટે વ્યાજ એ સીધો માર્ગ નથી, ૮૦% નવા વ્યવસાયો પ્રથમ પાંચ વર્ષમાં નિષ્ફળ જાય છે. પરંતુ વધુ રસપ્રદ વાત એ છે કે ૨૦% જે સફળ થયા છે, તેમાંના મોટાભાગના લોકોએ અપેક્ષા મુજબ તેમ કર્યું નથી. તેની અત્યંત લોકપ્રિય વેબસાઈટ સેટ કરતા પહેલા, સ્ટીવ પાવલીના માનતા હતા કે તે ઉત્પાદનો અને વર્કશોપ દ્વારા તેની મોટાભાગની આવક મેળવશે. પરંતુ લગભગ પાંચ વર્ષ પછી, તે આ બધું જાહેરાત અને સંલગ્ન વેચાણમાંથી બનાવે છે.

**તે એક પ્રશ્ન છે જે લગભગ દરેક જણ પોતાને પૂછે છે, તે પણ એક પ્રશ્ન છે જે હું માનતો નથી કે તમારે પ્રથમ સ્થાને પૂછવાની તસ્દી લેવી જોઈએ**

## જુસ્સો વિકસાવવા માટેના પગલાં

પ્રથમ પગલાં એ છે કે તમારી ઉર્જાને ફક્ત ધૂન માં રોકાણ કરો. રસના તે નાના તણખા જ્યાં તમે તેમને ઉત્કટ બનાવવા માટે પૂરતા પ્રમાણમાં જાણતા નથી. બેન કાસ્નોચા આને શોધતી રેન્ડમનેસ કહે છે. આનો અર્થ એ છે કે વિવિધ પુસ્તકો વાંચવા, વિવિધ પ્રવૃત્તિઓ કરવી અને જુદા જુદા લોકોને મળવું. વ્યાપક સંગઠનો કામ કરી શકે તેવા જુસ્સાને ઠોકર મારવાની ઘણી તકો આપે છે. પગલું બેઃ રસની જ્વાળાઓને ચાહક કરો,તમારી જાતને ઘણી બધી અવ્યવસ્થિતતા માટે ખુલ્લા કર્યા પછી, તમારે સફળતાઓ કેળવવાની જરૂર છે. તમારા જીવનમાં આવતા રસના નાના સ્પાર્ક પર બિલ્ડ કરો. પગલું ત્રણઃ વિક્ષેપોને કાપી નાખો, ધૂન કેળવવા અને નવા જુસ્સાને અન્વેષણ કરવા માટે સમયની જરૂર છે. મેં મારી જાત સાથે ઉત્પાદકતા પર આટલો ભાર મૂક્યો છે તેનું એક કારણ એ છે કે તેના વિના હું આ વિકલ્પોનું અન્વેષણ કરી શકતો નથી. ચોથું પગલુંઃ ન્યૂનતમ જીવવું, જો તમારી પાસે પહેલેથી જ એવી નોકરી છે જેના વિશે તમે ઉત્સાહી નથી, તો તમારે ચાલુ રાખવા માટે એટલું જ કામ કરો. માન્ય જુસ્સોને આવક પેદા કરવાની કૌશલ્યમાં વૃદ્ધિ કરવા માટે સમયની જરૂર છે. પગલું પાંચઃ એક જુસ્સો બનાવો જે મૂલ્ય બનાવે, જો તમારી પાસે કોઈ કૌશલ્ય છે જે સામાજિક મૂલ્ય બનાવે છે, તો તમે લગભગ કોઈપણ માધ્યમ દ્વારા પૈસા કમાઈ શકો છો. જુસ્સાનું મુદ્રીકરણ કૌશલ્ય લે છે, કારણ કે કોઈપણ ઉદ્યોગસાહસિક તમને કહી શકે છે, પરંતુ કાયદેસર મૂલ્ય પ્રદાન કર્યા વિના તે અશક્ય છે.

## તમારી કારકિર્દી સાથે તમારે કેવા પ્રકારનો સંબંધ રાખવો જોઈએ? જો તમને એવું લાગતું નથી કે તમારી પાસે તે છે, તો તમારે તેના વિશે શું કરવું?

# કામ કેટલું મહત્વનું છે? અને શા માટે કામ વિશે કાળજી?

**જ્યારે વધુ પડતા કઠોર અર્થો વધુ પડતા તાણમાં આવે છે, ત્યારે તેઓ ક્યારેક ત્વરિત થઈ શકે છે**



કારકિર્દીની પસંદગીઓ કંઈક અંશે સમાન છે. કેટલાક માટે, કામ તેમને માત્ર આજીવિકા પ્રદાન કરતું નથી, તે તેમનું જીવન છે. અન્ય લોકો માટે, નોકરી એ છે જે તમારે મેળવવાની છે-તમારા જીવનની પૃષ્ઠભૂમિ, સ્પોટલાઈટ હેઠળ મુખ્ય દ્રશ્ય નહીં. હું કોની સાથે દલીલ કરું? પરંતુ, આજે, હું પૂછવા માંગુ છું કે કાર્ય કેવી રીતે મહત્વનું છે અને તે જીવનમાં કેવી રીતે બંધબેસે છે તે જોવા માંગુ છું. કોઈ પ્રિસ્ક્રિપ્શન નથી, પરંતુ એક અન્વેષણ, તે જોવા માટે કે અમારી કારકિર્દી સાથેનો આપણો સંબંધ કેવો બને છે અને અમે તેને કેવી રીતે સુધારી શકીએ છીએ. શા માટે કામ વિશે કાળજી? આ લેખ સાંભળો, તમારી કારકિર્દીની ચિંતા કરવાનું સ્પષ્ટ કારણ એ છે કે તમારે જીવવા માટે પૈસાની જરૂર છે. સર્વાઈવલ ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ કરતાં ઊંચો છે, તેથી આપણામાંના મોટા ભાગના લોકો માટે, નોકરી ફક્ત એક આવશ્યકતા છે. પરંતુ જીવનમાં વધુ ધ્યાન કેન્દ્રિત કર્યા વિના ઘણી વસ્તુઓ જરૂરી છે. ખાવું પણ જરૂરી છે, પરંતુ હું મારા જીવનનો અર્થ ખોરાકમાંથી મેળવતો નથી. ખરેખર, એવું લાગે છે કે જે લોકો તેમની કારકિર્દી પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે તે લોકો છે જેમને તેની ઓછામાં ઓછી જરૂર હોય છે. પાર્ટનર બનાવવા માટે એંસી-કલાક અઠવાડિયા લગાડનાર વકીલને ભાડાના પૈસાની ચિંતા નથી. પરંતુ જો ટકી રહેવાનું નથી, તો ઓછામાં ઓછું આરામ એ કાર્યનું મુખ્ય લક્ષ્ય છે. જો તમે નાની આવક પર, કડક શબ્દોમાં કહીએ તો, ટકી શકતા હોવ તો પણ, તે ઘણીવાર જીવનને વધુ મુશ્કેલ બનાવશે. તેવી જ રીતે, આપણામાંના મોટા ભાગના લોકો એક મોટું ઘર, સારી વસ્તુઓ અથવા વધારાના વેકેશનની કલ્પના કરી શકે છે જે સારી નોકરી મેળવવા માટેના પ્રયત્નોને યોગ્ય છે. આ પરિપ્રેક્ષ્ય, તે કાર્ય મોટે ભાગે ભૌતિક અસ્તિત્વ અને આરામ વિશે છે, તે એક વાર્તા છે જે આપણે આપણી જાતને કામ વિશે કહીએ છીએ. તે દેખીતી રીતે સાચું છે, પરંતુ આ મુખ્ય પ્લોટલાઈન છે કે નહીં તે વ્યક્તિ પર આધારિત છે. જો કે, ત્યાં જુદી જુદી વાર્તાઓ છે જે તમે તમારા કામ વિશે તમારી જાતને કહી શકો છો. આદર તરીકે કામ કરો, એક અલગ વાર્તા, કદાચ સમૃદ્ધ દેશોમાં રહેતા મોટાભાગના લોકો પોતાને કહે છે, તે કામ આદર વિશે છે. તમારું કાર્ય સમાજમાં તમારી કેટલીક સ્થિતિ નક્કી કરે છે, અને તમારી કારકિર્દીમાં સારું કરવું એ મોટે ભાગે તમને મળેલા સન્માનને વધારવા વિશે છે. અહીં સ્વ-છેતરપિંડીનું એક તત્વ છે. જીવન ટકાવી રાખવા (અથવા તો આરામ) વિશેનું કામ વધુ દરજ્જો મેળવવાનો પ્રયાસ કરતાં વધુ સારું લાગે છે. મિથ્યાભિમાન અને અભિમાન એ આકર્ષક લક્ષણો નથી, તેથી ઘણા લોકો તેમના કામ વિશેની વિવિધ વાર્તાઓ હેઠળ આદર માટેની તેમની અંતર્ગત ઈચ્છાને ઢાંકી દે છે. ઘણીવાર, તમે સાચા પ્રેરણાને અનમાસ્ક કરી શકો તે એકમાત્ર રસ્તો એ છે કે લોકો તેમના કાર્યમાં જે પસંદગીઓ કરે છે તે જોવાનું છે. જ્યારે તેઓ મોટી સ્થિતિ ધરાવતા લોકો માટે વધુ નાણાકીય પુરસ્કાર સાથેના વિકલ્પોને ઠુકરાવી દે છે, ત્યારે તમે જોઈ શકો છો કે તેમના અચેતન મનમાં પૈસા કરતાં આદર સ્પષ્ટપણે ઊંચો છે. મને લાગે છે કે આ વાર્તા, કાર્ય-સન્માનની, કૉલેજ શિક્ષણના વિસ્ફોટના કારણનો એક મોટો ભાગ છે. જ્યારે તે સાચું છે કે કૉલેજ લોકોને વધુ ચૂકવણી કરે છે, આ માત્ર સરેરાશ પરિણામ છે. જેઓ ભાગ્યે જ પ્રવેશ મેળવે છે, તેમના માટે શાળાના થોડા વર્ષો માત્ર અધવચ્ચે જ સમાપ્ત થાય છે તે નાણાકીય આપત્તિ છે. તેનાથી વિપરિત, ઘણા વેપારોમાં ખૂબ ઊંચા પગારની ઓફર કરવા છતાં, લાયકાત ધરાવતા લોકોની અછત હોય છે. કૉલેજ-શિક્ષિત નોકરીઓ વધુ પ્રતિષ્ઠા પ્રદાન કરે છે અને તેથી લોકો તેમને પ્રાપ્ત કરવા માટે ભૌતિક આરામ પર બલિદાન આપવા તૈયાર છે. કોઈપણ જે પ્લમ્બિંગને બદલે મનોવિજ્ઞાનનો અભ્યાસ કરવા માટે દર વર્ષે **$30,000** ચૂકવે છે, તે આંશિક અર્થમાં કહે છે કે તેમના માટે ભૌતિક આરામ કરતાં પ્રતિષ્ઠા વધુ મહત્વની છે.

## તંત્રી લેખ...

# ઉત્તર ભારતમાં જળાશયોની ક્ષમતામાં ઘટાડો ચિંતાનો વિષય

ગયા વર્ષની રેકોર્ડ તોડ ગરમી બાદ ૨૦૨૫ની શરૂઆતથી જ તાપમાનને લઈને જે આશંકાઓ વ્યક્ત કરાઈ રહી હતી, તેને સાચા પડતા જોવું અનપેક્ષિત ન હોવા છતાં પણ ચિંતાઓ વધારનારું તો છે જ. ગત ફેબ્રુઆરીએ પહેલેથી જ ૧૯૦૧ બાદ સૌથી ગરમ ફેબ્રુઆરી જાહેર કરાઈ ચૂક્યો છે અને હવે રવિવારે દેશના પાંચ રાજ્યોના ૨૧ શહેરોમાં અધિકતમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચવાને માત્ર એક હવામાન બદલાવ માનીને અવગણના ન કરી શકા. આ દરમ્યાન, ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ યુનિવર્સિટીના તાજા અધ્યયનમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ધરતીનું સરેરાશ તાપમાન ચાર ડિગ્રી સેલ્સિયસ વધી જાય છે, તો ૪૦ ટકા વૈશ્વિક સંપત્તિના નષ્ટ થવાનો ખતરો છે, જ્યારે અત્યાર સુધીની શોધ ૧૧ ટકા નુક્સાનની જ વાત કહેતા આવ્યા છે. તાપમાનનું વધવું માત્ર ગરમી સહન કરવા સુધી જ સીમિત હોય તો એક વાત થઈ, પરંતુ આ સ્થિતિઓ પ્રકૃતિમાં અસંતુલનનો સંકેત આપે છે, જેથી મોટી પ્રાકૃતિક આપદાઓનો ડર પણ પેદા થાય છે. ગયા વર્ષે જુલાઈમાં કેરળના વાયનાડમાં મોટા પાયે થયેલ ભૂસ્ખલનને યાદ કરો, જેમાં સેંકડો લોકો હતાહત થયા હતા. ગયા વર્ષે જ રાજસ્થાનમાં જેસલમેરમાં એક જ દિવસમાં સિઝનનો ૫૫ ટકા વરસાદ થઈ ગયો હતો.

## જીવન એક યુદ્ધ ક્ષેત્ર : યુદ્ધ પોતાની જાત સાથે અને પછી બાહ્ય વાતાવરણ સાથે

સમય બહુ કીમતી છે સમજીને ખર્ચ કરવો દરેક મિનિટનો હિસાબ કરીને ચાલવું સમયની ખેતી કરવી. ૨૪ કલાકમાં ૩૦ કલાકના કામ કરવા સંઘર્ષ જ જિંદગી છે અને જિંદગી જ સંઘર્ષ. સંઘર્ષ કર્યા વગર પ્રગતિ ક્યારેય નહીં થાય ક્યારેય નિષ્ફળતા મળે હારી જવાય પરંતુ ફરીથી ઉભા થવું સંપૂર્ણ ઉર્જા ને ફરીથી કેન્દ્રિત કરવી પોતાના દોષો સાથે લડવું .અંધકાર સાથે લડવું સંકીર્ણ વિચારો સાથે લડવું .યુદ્ધ પહેલા પોતાની જાત સાથે પછી બાહ્ય વાતાવરણ સાથે કરવો બંને પ્રક્રિયા એક સાથે ચાલશે. આ સંસાર યુદ્ધક્ષેત્ર છે અહીંયા આરામ કરવા માટે નથી આવ્યા .સફળતા નો માર્ગ પર કોઈનો પ્રતિબંધ નથી બધા માટે ખુલ્લા છે નિષ્ફળ અને સફળ વ્યક્તિમાં એટલો ફર્ક હોય છે કે સામાન્ય વ્યક્તિ પોતાના કામમાં થી વહેલી તકે છટકવાનો પ્રયાસ કરે છે અને કામ જેમતેમ પૂરું કરે છે



વિશેષ
લેખિકા : દર્શના પટેલ
(નેશનલ એથલીટ)
અમદાવાદ

જ્યારે સફળ માણસ ટન બંધ વધારે કામ નથી કરતો પણ પોતાનું કામ પૂરી ઈમાનદારી અને વટથી કરે છે એટલે જ કંઈક મેળવવા માટે કંઈક ખોવું પડે છે મફતમાં કંઈ જ મળતું નથી અખૂટ ધીરજ અને વિપરીત પરી સ્થિતિ સામે સતત ઝઝુમીને લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત પ્રયત્ન કરતા રહેવું. કોઈ પણ કામ હાથમાં લઈએ અને સફળતા મળે ત્યારે આપણે ખૂબ ખુશ થઈએ છીએ નિષ્ફળતા આવે ત્યારે હતાશ થઈ જઈએ પોતાની ધારણા પ્રમાણેનું ન થાય અને વારંવાર નિષ્ફળતા મળે તો નસીબ ફૂટેલું છે એમ નસીબને દોષ આપીએ છીએ ત્રણ ત્રણ દાયકા સુધી નિષ્ફળ થયેલા અમેરીકન લોકશાહીના સર્વોચ્ચ પદ થનાર અબ્રાહમ લિંકન જ્યાં સુધી સફળ ન થયા ત્યાં સુધી હિંમત ન હારી કહેવાનો તાત્પર્ય એ છે કે જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી મેદાન છોડી ભાગતા નથી. પોતાની સાથે અને બાહ્ય વાતાવરણ સાથે યુદ્ધ કર્યા કરે છે એક કરોળિયા ની માફક સતત પ્રયત્ન કરતા રહેવું વારંવાર નીચે પડવા છતાં ફરી ફરી વળ તૂટેલો તાતણો પકડી ઉપર ચઢવાની ક્રિયા કરે છે કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ ના શિખરે પહોંચવા માટે જરૂરી છે પ્રયત્નો પછી સફળ ન થનાર વ્યક્તિએ યાદ રાખવું જોઈએ કે ક્યારેક ઝૂડાની છેલ્લી ચાવી તાળું ખોલી પણ દે .જ્યાં સુધી રણ છોડીને ભાગતા નથી ત્યાં સુધી ક્યારેય હારતા નથી. કંઈ પણ ન કરવું અને પડ્યા રહેવું એક આરામદાયક વિકલ્પ છે પરંતુ એ જિંદગી જીવવાની અર્થહીન રીત છે પ્રકૃતિનો નિયમ છે કે સંઘર્ષથી જ તેજી આવશે. જેમ સોનું તપાવવાથી વધારે શુદ્ધ બને છે ચમકે છે ધાતુનો એક નકામો ટુકડો અનેક કષ્ટદાયક પરીસ્થિતિઓ માંથી પસાર થાય છે ત્યારે એને ભગવાનની મૂર્તિ બનવાનો દિવ્ય લાભ મળે છે એમ જે મનુષ્યનું જીવન કષ્ટો અને મુશ્કેલીઓમાંથી પસાર થાય તે જ ચળકે વિપત્તિઓ અવરોધો મુશ્કેલીઓ સાથે લડી શકે છે જેનામાં પ્રતિકૂળ પરિસ્થિતિઓ સ્થિતિઓ સામે લડવાનું સાહસ છે એને જીવનના વિકાસનું સાચું સુખ મળે છે ધરતી પર એક પણ માણસ એવો નથી જેણે મુશ્કેલીઓ સહન કર્યા વગર કે પરિસ્થિતિ સામે લડ્યા વગર કોઈ મોટી સફળતા મેળવી હોય .જીવનના દરેક કસ્ટને રાજી ખુશીથી અપનાવે તે જ સાચું તપ છે યાદ રાખવું સંસારમાં એવા જ લોકોને મહત્વ મળે છે જે દરેક મુશ્કેલીઓ વચ્ચે પણ હસતા રહે અને પોતાની જાત સાથે લડતા રહે .એક કહેવત છે ને કે કમાનમાંથી છૂટેલું તીર કદી પાછું ફરતું નથી તેમ વીતેલો સમય પણ કદી પાછો નહીં આવે .જીવનમાં જો કંઈ મૂલ્યવાન છે તો એ સમય છે જીવનની હર પળ એક ક્ષણ ખૂબ જ મૂલ્યવાન છે જે કાર્ય આજે કરો કે કાલે કરો પરંતુ કરવાનું તો છે જ તો કાલ પર ન છોડી આજે જ એ કાર્યને પૂર્ણ કરવું પોતાની જાતને પૂછવું હું શું કરવા આવ્યો છું? અને શું કરી રહ્યો છું? મે શું કર્યું? અને શું બાકી છે? તેના અનુસંધાને જે બાકી છે તેને માટે ધ્યેય સિદ્ધિ કરવા પોતાના કાર્યોમાં જાગૃત થવું .આપણી આજુબાજુ એવા ઘણા લોકોને જોયા હશે જે ખૂબ જ ઉત્સાહથી કામ કરે છે તેમનો આત્મવિશ્વાસ મહેનત લગન તેમનું સાહસ ક્યારેક તો બીજાને ગાન્ડા કરી મૂકવા માટે સક્ષમ હોય છે આવું શા માટે થાય છે? તેઓ દરેક કામ ઉત્સાહ ,ધૈર્ય ,ચીવટ પૂર્વક ઉર્જા ,આંતરિક શક્તિથી કામને પુરા મનથી આત્મવિશ્વાસથી કરે છે રોજ પોતાની સાથે લડે છે તેઓ એટલે જ સફળતાના શિખરે ખૂબ જ જલ્દીથી પહોંચી જાય છે સફળતા કોઈ ડીગ્રી નથી કે કોઈ વારસાગત મળતી ધરોહર પણ નથી તેને જાતે જ પોતાના બળ પર હાંસેલ કરવી પડે .ઘણા લોકો પોતાનો મોટાભાગનો સમય ગપ્પા મારવામાં ટીવી મોબાઈલ હરવા ફરવા કે નકામા કાર્યો કરવામાં વિતાવી દે છે તેમની શક્તિ આવા કાર્યોમાં ખર્ચાઈ જાય છે જેમ વહેતું પાણી સ્વચ્છ હોય છે અને તળાવમાં પડી રહેલું પાણી માં લીલ જામી જાય છે એમ પોતાની જાતને સતત અપડેટ કરતા રહેવું જોઈએ યુદ્ધ પહેલા પોતાની જાત સાથે પછી બાહ્ય વાતાવરણ સાથે કરો ઘણા બધા લોકો કહેતા હોય છે કે.મારું નસીબ નથી સારું પરંતુ કોઈ પણ ઘટના કે દુર્ઘટના પાછળ નસીબની કોઈ ભૂમિકા નથી હોતી આ બધા મનના ખોટા વિચારો છે કોઈપણ કામ મહેનત અને પૂરા ઉત્સાહથી કરવામાં ન આવે તો અસફળતા મળે છે નસીબને વારંવાર દોષ આપવાથી કોઈ ફાયદો નથી મનમાં આ પ્રકારની વાતો કાઢી નાખી અનેખુશી ખુશી દરેક વાતના પાસાઓને સમજી શાંતિથી આગળ વધવું અસફળતાની ચિંતા નહીં રહે.

---

**પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે, ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં**

# ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે, વૃક્ષારોપણ જ નહીં વૃક્ષ ઉછેરનો સંકલ્પ કરીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો, વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે, મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી, તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી, સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં, આ શરીર ગંદુ છે, આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી, શરીરનું બીજ અપવિત્ર છે, ઠાકોરજીને તનથી મળવાનું છે.**

ગઈકાલે કળિયુગના અજરામર દેવ હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ઉજવાયો દેશમાં ક્યાંક કાળઝાળ ગરમીનો પ્રકોપ તો ક્યાંક કડાકા ભડાકા કરા સાથે વરસાદ દિન પ્રતિદિન હવામાનમાં ફેરફાર થઈ રહ્યો છે ત્યારે એક વાત ચોક્કસ સમજાય છે કે સરકાર અને સરકારીતંત્ર જે વૃક્ષારોપણ કાર્યક્રમ કરે છે તે એક તેમના ખર્ચ અભિયાનનો ભાગ છે પણ આપણે એક સાચા વૃક્ષ પર્યાવરણ પ્રેમી બની વૃક્ષારોપણ સાથે વૃક્ષ ઉછેરનો સંકલ્પ કરો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો, કોઈ જીવનું ધ્યાન ન કરો, કોઈ જડ વસ્તુનું ધ્યાન ન કરો, ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણનું ધ્યાન કરો.અનેક જન્મથી આ મન ને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસાર ના વિષયો દેખાય ત્યારે પરમાત્મા ના નામનું વારંવાર કીર્તન કરો. ઉચ્ચ સ્વરથી કીર્તન કરો. શ્રીકૃષ્ણ કીર્તનથી જગતનું વિસ્મરણ થાય છે. પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો. વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે.મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી. તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં. આ શરીર ગંદુ છે. આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. શરીરનું બીજ અપવિત્ર છે. ઠાકોરજીને તનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી. ધ્યાન કરવાથી જીવ-ઈશ્વરનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મ સંબંધ થતોનથી. ધ્યાનની પરિપક્વ દશાએ જ સમાધિ છે.તે જજીવન મુક્તિ. સમાધિ અધિક વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે. ભાગવત ફરી ફરી કહે છેઃ ધ્યાન કરો, જપ કરો. એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિ એ દોષ નથી. એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે. જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે. બંનેનું લક્ષ્ય એક જ છે. માર્ગ જુદા જુદા છે. સાધનામાં. ભેદ છે. ધ્યાન એક જ છે.તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે. નિર્ગુણરૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગોલોકમાં બિરાજેલા છે. ઈષ્ટદેવમાં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દઢ વિશ્વાસ રાખો. ક્રિયા અને લીલામાં તફાવત છે. પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર હોય છે.ઈશ્વરની લીલા બંધનમાં થી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વનું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી,રસ સર્વને લીલા નામથી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે, પોતા માટે નહીં. દૈવીજીનું કલ્યાણ કરવા માટે જ ભગવાન લૌકિક જીવોની જેમ લીલા કરે છે. જગતની ઉત્પત્તિ એ લીલા છે, સ્થિતિ એ પણ લીલા છે, અને વિનાશએ પણ લીલા છે. વિનાશમાં પણ આનંદ છે. સર્વનો દૃષ્ટા હું છું. આ 'હું'નો નાશ થતો નથી. જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે 'હું



ઈશ્વરનો અંશ છું,પણ આ 'હું 'અહંકારમાં પરિણમવું ન જોઈએ ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારા વંશમાં તેં કોઈને રહેવા દીધો નહીં, તો જા, તારા વંશમાં પણ કોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થાય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું કે તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લય એ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમે છે, પરંતુ લય ગમતો નથી. ગાંધારી સમજી ગઈ કે લોકો આને ભગવાન કહે છે તે સાચું છે. જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યું તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર કરનાર પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિકવયે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેનું વર્ણન કરીએ છીએ. ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો. ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં. ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે.મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં,પણ ધ્યાન કરવા માટે છે.મંદિરમાં જે સ્વરૂપ નાં દર્શન કર્યાં હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન,ચિંતન કરવાનું છે. પરમાત્માનું ધ્યાન કરવાથી વિઘ્નનો નાશ થાય છે. વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ.સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.વ્યાસજીએ શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ કેમ ન લખ્યું?અને સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવભક્તો, દત્તાત્રેય ભક્તો,દેવીના ભક્તો વગેરેને થાય કે ભાગવત તો શ્રીકૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે.એટલે વ્યાસજી એ કોઈનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી,પણ સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું. લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને,કોઈ બીજા શાસ્ત્રને માને. બધા કહે છે કે, અમારું શાસ્ત્ર શ્રેષ્ઠ છે, પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સમુદ્ર છે તેમ. તેથી પરમાત્મા શિવ, ગણેશ, રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે. સત્ય અખંડ છે, અવિનાશી છે, અબાધિત છે.સત્યનો કદી વિનાશ થતો નથી.સત્યના સ્વરૂપમાં કાંઈ પરિવર્તન થતું નથી.સુખ,દુઃખ, લાભ હાનિમાં પરમેશ્વરનું સ્વરૂપ બદલાતું નથી.ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથી એ સ્થિત પ્રજ્ઞ, શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અનેવનવાસ વખતે એક સરખો જ આનંદ છે. શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે, ઉદ્ધવ, આ બધું ખોટું છે. હું જ એકસાચો છું. જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે.ભૂત,ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય.તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએછીએ તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે. જગતના પદાર્થો દુઃખ રૂપ છે.વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વદષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે,તેમ વારં વાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષા ત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી.એ પોતે આનંદ રૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે.તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દશ્ય જગત અસત્ય છે, ભ્રમરૂપ છે, ખોટું છે. તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે. રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠા ને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની ગરીબી ને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્માએ પોતાના ડોકમાં રાખી છે.માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવત નો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથીએ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષયછે.મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તોએ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજી એ વાલ્મીકિને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું. કારણ? તેમાં નિષ્કામ કર્મ છે. અતિ પાપીના મુખમાંથી ભગવાનનું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ ચેતા છે, મેવા નહીં. માટે મુક્તિ પણ આશા કરવી નહીં. આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ. ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી,સંસાર વહાલો છે.ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો. ભક્તિનું ફળ ભોગ નથી,ભગવાન છે. વાચક ચાહક મિત્રો, રાજ્યમાં ગરમીનો કહેર વધી રહયો છે. રાજકોટ સહિત કેટલાક જિલ્લા માં વર્ષો જૂના રેકોર્ડ તોડ્યાના અહેવાલ છે વૃક્ષોના આપણે દુશ્મન બની ગયા છીએ ત્યારે ફક્ત વૃક્ષારોપણની મોટી મોટી ખોટી ખોટી જાહેરાતો કરી પ્રિન્ટ ઈલેક્ટ્રિક મીડિયા ફોટા પ્રસિદ્ધ થાય તેનાથી આનંદ વ્યકત કરીએ છીએ ત્યારે હવે સમય પાકી ગયો છે વૃક્ષોના ઉછેર કરવાનો. અત્યારે જે અનેરો આનંદ કેરી રસ ઠંડા પીણા ચીકુ શકકર ટેટી તડબૂચ દ્રાક્ષ જેવા ફળો સાથે માણી રહયા છો તે માણો પણ વૃક્ષારોપણ સાથે વૃક્ષ ઉછેરનો સંકલ્પ કરો. ભગવદ્ ગીતા જ્ઞાન એ તમારા આ આનંદમાં વધારો ચોક્કસ કરતું હશે. કુદરતી ઘટના ક્રમથી આનંદ માણો બસ અસ્તુ. જય માતાજી.

---

**આપણો દેશ ઋષિમુનિઓ, જ્ઞાની માણસો અને સંતોની ભૂમિ છે, જ્યારે પણ આપણો સમાજ કોઈ મુશ્કેલ તબક્કામાંથી પસાર થાય છે**

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશના આનંદપુર ધામમાં જનમેદનીને સંબોધન કર્યું


**પ્રધાનમંત્રીએ છઠ્ઠા પદશાહી સ્વામી વિચારપૂર્ણ આનંદજી મહારાજ સાથેની તેમની અગાઉની ચર્ચા વહેંચી હતી, જેમણે પ્રથમ પદશાહી પરમહંસ દયાલ મહારાજજીનાં ઉપદેશો અને આનંદપુર ધામની સેવાકીય પહેલો વિશે વાત કરી હતી, તેમણે આનંદપુર ધામમાં સ્થાપિત ધ્યાનના પાંચ સિદ્ધાંતો પર પ્રકાશ પાડ્યો હતો અને નિઃસ્વાર્થ સેવા પર ભાર મૂક્યો હતો, તેમણે નારાયણને માનવતાની સેવાના કાર્યમાં જોયા.**

ભારતનાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને આગળ વધારવાની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રીએ આજે મધ્યપ્રદેશમાં અશોકનગર જિલ્લામાં ઈસાગઢ તાલુકાના આનંદપુર ધામની મુલાકાત લીધી હતી. તેમણે ગુરુજી મહારાજ મંદિરમાં દર્શન અને પૂજા પણ કરી હતી અને આનંદપુર ધામ ખાતેના મંદિર સંકુલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનું સ્વાગત કર્યું હતું, જેમણે દિલ્હી, હરિયાણા, પંજાબ અને દેશભરમાંથી પ્રવાસ કર્યો હતો. તેમણે શ્રી આનંદપુર ધામની મુલાકાત લઈને પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને ગુરુજી મહારાજના મંદિરમાં પૂજા અર્ચનાનો પોતાનો અનુભવ વહેંચ્યો હતો, જેણે તેમના હૃદયને આનંદથી ભરી દીધું હતું. સંતોની તપસ્યાથી પોષાયેલી ભૂમિની પવિત્રતા, જ્યાં પરોપકાર એક પરંપરા બની ગઈ છે અને સેવા માટેનો સંકલ્પ માનવતાના કલ્યાણનો માર્ગ મોકળો કરે છે, ત્યાં શ્રી મોદીએ આ ભૂમિની વિશિષ્ટતા પર પ્રકાશ પાડતા સંતોને ટાંકીને જણાવ્યું હતું કે અશોક નગરમાં દુઃખનો ભય છે. તેમણે પ્રથમ પાદશાહી શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી સ્વામી અદ્વૈત આનંદજી મહારાજ અને અન્ય પાદશાહી સંતોને આદર આપીને, બૈસાખી અને શ્રી ગુરુ મહારાજની જન્મજયંતીની ઉજવણીમાં ભાગ લેવાનો આનંદ વ્યક્ત કર્યો. તેમણે વર્ષ ૧૯૩૬માં શ્રી દ્વિતીયા પાદશાહીજીની મહાસમધિ અને વર્ષ ૧૯૬૪માં શ્રી તૃતીયા પાદશાહીજીનાં સાચા સ્વરૂપ સાથે તેમનું મિલન થયુ હતું, એનાં ઐતિહાસિક મહત્ત્વની નોંધ લીધી હતી. પ્રધાનમંત્રીએ આ પૂજ્ય ગુરુઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને મા જગેશ્વરી દેવી, મા બિજાસન અને મા જાનકી કરીલા માતા ધામને નમન અર્પણ કર્યા હતા. તેમણે બૈશાખી અને શ્રી ગુરુ મહારાજજીની જન્મજયંતીની ઉજવણી પ્રસંગે સૌને શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારત ઋષિઓ, વિદ્વાનો અને સંતોની ભૂમિ છે, જેમણે પડકારજનક સમયમાં હંમેશા સમાજને માર્ગદર્શન આપ્યું છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પૂજ્ય સ્વામી અદ્વૈત આનંદજી મહારાજનું જીવન આ પરંપરાને પ્રતિબિંબિત કરે છે. તેમણે તે યુગને યાદ કર્યો જ્યારે આદિ શંકરાચાર્ય જેવા આચાર્યોએ અદ્વૈત દર્શનના ગહન જ્ઞાનનું વિવરણ કર્યું હતું. તેમણે નોંધ્યું હતું કે, સંસ્થાનવાદી સમયગાળા દરમિયાન સમાજે આ ડહાપણ સાથેનો સંપર્ક ગુમાવવાનું શરૂ કર્યું હતું. જો કે, આ સમય દરમિયાન જ ઋષિમુનિઓ અદ્વૈતના સિદ્ધાંતો દ્વારા રાષ્ટ્રના આત્માને જાગૃત કરવા માટે ઉભરી આવ્યા હતા, તેમણે ઉમેર્યું હતું કે, પૂજ્ય અદ્વૈત આનંદજી મહારાજે અદ્વૈતના જ્ઞાનને સામાન્ય લોકો માટે સુલભ અને સરળ બનાવીને, જનતા સુધી તેની પહોંચ સુનિશ્ચિત કરીને આ વારસાને આગળ ધપાવ્યો હતો. યુદ્ધ, સંઘર્ષ અને ભૌતિક પ્રગતિ વચ્ચે માનવીય મૂલ્યોના ધોવાણની તાકીદની વૈશ્વિક ચિંતાઓનું સમાધાન કરતાં શ્રી મોદીએ આ પડકારોનું મૂળ કારણ વિભાજનની માનસિકતા તરીકે ઓળખ્યું હતું, જે "સ્વ અને અન્ય"ની માનસિકતા છે, જે માનવીને એકબીજાથી દૂર રાખે છે. "આ મુદ્દાઓનો ઉકેલ અદ્વૈતની ફિલસૂફીમાં રહેલો છે, જે કોઈ દ્વૈતની કલ્પના કરતું નથી", તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અદ્વૈત એ દરેક જીવમાં દૈવી તત્ત્વને જોવાની માન્યતા છે અને આગળ, સમગ્ર સૃષ્ટિને દૈવી તત્ત્વના અભિવ્યક્તિ તરીકે જુએ છે. તેમણે પરમહંસ દયાળ મહારાજને ટાંક્યા હતા, જેમણે આ સિદ્ધાંતને સુંદર રીતે સરળ બનાવ્યો હતો, 'તમે શું છો, હું છું'. તેમણે આ વિચારની ગહનતા પર ટિપ્પણી કરી, જે "મારું અને તમારું" વિભાજન દૂર કરે છે, અને નોંધ્યું હતું કે જો સાર્વત્રિક રીતે અપનાવવામાં આવે, તો તે તમામ સંઘર્ષોનું નિરાકરણ લાવી શકે છે. પ્રધાનમંત્રીએ છઠ્ઠા પદશાહી સ્વામી શ્રી વિચારપૂર્ણ આનંદજી મહારાજ સાથેની તેમની અગાઉની ચર્ચા વહેંચી હતી, જેમણે પ્રથમ પદશાહી પરમહંસ દયાલ મહારાજજીનાં ઉપદેશો અને આનંદપુર ધામની સેવાકીય પહેલો વિશે વાત કરી હતી. તેમણે આનંદપુર ધામમાં સ્થાપિત ધ્યાનના પાંચ સિદ્ધાંતો પર પ્રકાશ પાડ્યો હતો અને નિઃસ્વાર્થ સેવા પર ભાર મૂક્યો હતો. તેમણે નારાયણને માનવતાની સેવાના કાર્યમાં જોયા, જે ભારતીય સંસ્કૃતિનો પાયો રચે છે, નિઃસ્વાર્થ વલણ સાથે વંચિતોની સેવા કરવાની ભાવના પર ટિપ્પણી કરી. આનંદપુર ટ્રસ્ટ આ સેવાકીય સંસ્કૃતિને સમર્પણ સાથે આગળ વધારી રહ્યું છે તેનો આનંદપુર ટ્રસ્ટે હર્ષ વ્યક્ત કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, ટ્રસ્ટ હજારો દર્દીઓની સારવાર કરતી હોસ્પિટલોનું સંચાલન કરે છે, નિઃશુલ્ક તબીબી શિબિરોનું આયોજન કરે છે, ગૌ કલ્યાણ માટે આધુનિક ગૌશાળા ચલાવે છે અને નવી પેઢીનાં વિકાસ માટે શાળાઓનું સંચાલન કરે છે. તેમણે પર્યાવરણના સંરક્ષણ દ્વારા આનંદપુર ધામના માનવતામાં નોંધપાત્ર પ્રદાનની પણ પ્રશંસા કરી હતી અને આશ્રમ દ્વારા વાવવામાં આવેલા હજારો એકર ઉજ્જડ જમીનને હરિયાળીમાં પરિવર્તિત કરવાના આશ્રમના અનુયાયીઓના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં આશ્રમ દ્વારા વાવવામાં આવેલા હજારો વૃક્ષો હવે પરોપકારી હેતુઓ માટે સેવા આપી રહ્યા છે. મોદીએ જણાવ્યું હતું કે, "સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી દરેક પહેલના હાર્દમાં સેવાનો જુસ્સો રહેલો છે." શ્રી મોદીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દરેક જરૂરિયાતમંદ વ્યક્તિ ભોજનની ચિંતામાંથી મુક્ત છે. એ જ રીતે, આયુષ્માન ભારત યોજનાએ ગરીબો અને વૃદ્ધોને આરોગ્ય સંભાળની ચિંતાઓમાંથી મુક્ત કર્યા છે, જ્યારે પીએમ આવાસ યોજના વંચિતો માટે સુરક્ષિત આવાસ સુનિશ્ચિત કરી રહી છે. તેમણે નોંધ્યું હતું કે, જલ જીવન મિશન ગામડાઓમાં પાણીની સમસ્યાઓનું સમાધાન કરી રહ્યું છે અને નવી એઈમ્સ, આઈઆઈટી અને આઈઆઈએમની વિક્રમી સંખ્યાની સ્થાપનાથી ગરીબમાં ગરીબ બાળકોને પણ તેમનાં સ્વપ્નો સાકાર કરવામાં મદદ મળી છે. તેમણે 'એક પેડ મા કે નામ' અભિયાન દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો, જે અંતર્ગત દેશભરમાં કરોડો વૃક્ષો વાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, આ સિદ્ધિઓનું પ્રમાણ સેવાની ભાવનાથી પ્રેરિત છે. તેમણે ગરીબો અને વંચિતોનાં ઉત્થાન માટે સરકારનાં સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો, જે 'સબ કા સાથ, સબ કા વિકાસ'નાં મંત્ર સાથે સંચાલિત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સેવાની આ ભાવના સરકારની નીતિ અને પ્રતિબદ્ધતા બંને છે." સેવાના સંકલ્પને અપનાવવાથી અન્ય લોકોને લાભ થવાની સાથે-સાથે વ્યક્તિના વ્યક્તિત્વમાં પણ વધારો થાય છે અને દ્રષ્ટિકોણ વિસ્તૃત થાય છે એ હકીકત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, સેવાની ભાવના વ્યક્તિને સમાજ, દેશ અને માનવતાના વ્યાપક ઉદ્દેશો સાથે જોડે છે.

### સાઉથ V/s બોલિવૂડઃ હવે આરપારના મુકાબલાનો સમય

# સાઉથ - બોલિવૂડની ફિલ્મો વચ્ચે રિલીઝની ટક્કરથી બોલિવૂડની મુશ્કેલીઓ વધી

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા પરિવર્તન આવ્યા છે. કારણ કે હવે સાઉથની ઈન્ડસ્ટ્રીની હાજરી હવે સમગ્ર દેશમાં વધી રહી છે. હવે આ ફિલ્મો માત્ર પ્રાદેશિક વિષયો અને કન્ટેન્ટ સુધી સિમીત રહી નથી. તેઓ પણ હવે મહત્વાકાંક્ષી અને મોટા બજેટની ફિલ્મો બનાવતા થયા છે અને બોલિવૂડની ફિલ્મો સાથે સીધી હરિફાઈમાં ઉતરવા તૈયાર છે. તેના કારણે અત્યારથી જ બોલિવૂડની ફિલ્મો સાથે મોટો પડકાર ઉભો થયો છે. સાઉથના સ્ટાર અને બોલિવૂડના સુપરસ્ટાર્સ વચ્ચે બોક્સ ઓફિસ પર પણ સીધી ટક્કર જોવા મળે છે.



## ‘સિકંદર’ ફિલ્મ

આ જ રીતે એ.આર. મુર્ગાદોસે ડિરેક્ટ કરેલી ફિલ્મ ‘સિકંદર’ સાજીદ નડિયાદવાલાના મોટા બેનરમાં બનેલી ફિલ્મ છે. જેમાં સલમાન ખાન સાથે રશ્મિકા મંદાના સહિતના સુપરસ્ટાર્સ છે. આ ફિલ્મે રિલીઝ પહેલાં માહોલ બનાવવાની ઘણી કોશિશ કરી હતી.

## સની દેઓલની ‘જાટ’ ફિલ્મ અને અજીત કુમારની ‘ગૂડ બેડ અગલી’

આવી જ એક બીજી ટક્કર થવાની છે, અજીત કુમારની ‘ગૂડ બેડ અગલી’ અને સન્ની દેઓલની ‘જાટ’ વચ્ચે. સન્ની દેઓલ આ જોનરની ફિલ્મો માટે જાણીતો છે. તો આ બંને ફિલ્મો વચ્ચેની ટક્કરની પણ ચર્ચા છે.






## રજનીકાંતની ‘કુલી’




આ બંને ફિલ્મ વચ્ચેની ટક્કર દર્શાવે છે કે હવે સાઉથના ફિલ્મ મેકર્સનો આત્મવિશ્વાસ વધી ગયો છે કે તેઓ બોલિવૂડની ફિલ્મો સાથે ટક્કર લેવા સક્ષમ છે. સાથે વોર ફ્રેન્ચાઈઝી સામે રજનીકાંતની આજના જમાનાની સ્ટાઈલમાં બનેલી કૂલી એક પ્રબળ પ્રતિસ્પર્ધી તો છે જ. તેમાં નાગાર્જૂન, આમિર ખાન અને સિવાકાર્તિકેયન અને ઉપેન્દ્ર જેવા કલાકારોના કેમિઓની પણ ચર્ચા છે.

આવનારા દિવસોમાં આવી જ એક અન્ય મોટી ટક્કર રજનીકાંતની ‘કૂલી’ અને રિતિક રોશન તેમજ જુનિયર એનટીઆરની ‘વોર’ વચ્ચે હશે. રજનીકાંત અને લોકેશ કનગરાજની આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે, જ્યારે રિતીક અને જુનિયર એનટીઆર પહેલી વખત સાથે જોવા મળશે એવી ‘વોર’ ૨૦૧૯માં આવેલી રિતિકની પહેલી ‘વોર’ની સિક્વલ છે. જેમાં રિતિકની સાથે ટાઇગર શ્રોફ હતો. આ યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સનો એક ભાગ છે.

### રાજમૌલિની ફિલ્મ ઉપરાંત ક્રિશ ૪ પણ નક્કી

# અભિનેત્રી પ્રિયંકા ચોપરાનું દાયકા પછી બોલીવુડમાં શાનદાર કમબેક

પ્રિયંકા ચોપરાની છેલ્લી હિન્દી ફિલ્મ જય ગંગાજલ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. ૨૦૧૮માં નિક જોનાસ સાથે લગ્ન પછી પ્રિયંકાએ હોલિવૂડમાં પગ જમાવવા કવાયત શરૂ કરી હતી. ૨૦૧૭માં પ્રિયંકાની પહેલી હોલિવૂડ ફિલ્મ બે વોચ હતી. ત્યાર પછી ૧૦થી વધુ વેબ સિરીઝ અને ફિલ્મોમાં પ્રિયંકાને લીડ રોલ મળ્યા હતા. અવાર-નવાર ભારતની મુલાકાતો દરમિયાન પ્રિયંકાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથેના સંબધો જાળવી રાખ્યા હતા, પરંતુ હિન્દી ફિલ્મોથી દૂર રહેવાનું પસંદ કર્યુ હતું. એક દાયકા પછી પ્રિયંકાએ હિન્દી ફિલ્મોમાં શાનદાર કમબેકની તૈયારી કરી લીધી છે. પ્રિયંકાએ રાજામૌલિ-મહેશબાબુની ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યુ છે ત્યારે રિતિકની બહુચર્ચિત ‘ક્રિશ ૪’માં પણ પ્રિયંકાનો મહત્ત્વનો રોલ નક્કી થયો હોવાના રિપોર્ટ્સ છે. ‘ક્રિશ’ ફ્રેન્ચાઈઝની અગાઉની ત્રણ ફિલ્મોનું ડાયરેક્શન રાકેશ રોશને કર્યું હતું અને આ ત્રણેય ફિલ્મો સુપરહિટ રહી હતી. ‘ક્રિશ ૩’ ૨૦૧૩માં રિલીઝ થઈ હતી, જેમાં પ્રિયંકાએ પ્રિયાનો રોલ કર્યો હતો. ભારતીય સુપરહીરોની ફ્રેન્ચાઈઝીના પ્રોડક્શન માટે યશરાજ ફિલ્મ્સે રોશન પરિવાર સાથે હાથ મિલાવ્યા છે. રિતિકના ત્રણ રોલ ધરાવતી આ ફિલ્મમાં રેખા અને પ્રીતિ ઝિંટા અગાઉ ફાઈનલ થયા હતા. રિપોર્ટ્સ મુજબ, ‘ક્રિશ ૩’માં રિતિકના લેડી લવનો રોલ કરનારી પ્રિયંકા પણ ચોથી ફિલ્મ માટે નક્કી થઈ છે. આમ, રિતિકના ત્રણ રોલ સાથે ત્રણ લીડ એક્ટ્રેસ સાથેની સ્ક્રિપ્ટ તૈયાર છે અને ફિલ્મનું પ્રી-પ્રોડક્શન પૂર જોશમાં ચાલી રહ્યું છે. ‘ક્રિશ’ ફ્રેન્ચાઈઝીમાં રિતિક સાથે અગાઉ રેખા, પ્રીતિ ઝિન્ટા અને પ્રિયંકા ચોપરા ઉપરાંત કંગના રણોત કામ કરી ચૂક્યા છે. રિતિક અને કંગનાના સંબંધોને જોતાં કંગનાને ‘ક્રિશ ૪’માં રોલ ઓફર થવાની શક્યતા નહીવત છે. જ્યારે પ્રિયંકા લાંબા સમયથી બોલિવૂડમાં દમદાર પ્રોજેક્ટ સાથે શાનદાર કમબેક કરવા માગતી હતી. ૨૦૧૯માં પ્રિયંકા-ફરહાન અખ્તરે ‘સ્કાય ઈઝ પિન્ક’માં સાથે કામ કર્યુ હતું. આ ફિલ્મની સ્ટોરી ભારતીય હતી, પરંતુ તેને ઈંગ્લિશમાં બનાવાઈ હતી. ૨૦૨૧ના વર્ષમાં ફરહાન અખ્તરે પ્રિયંકા, કેટરિના કૈફ અને આલિયા ભટ્ટના લીડ રોલ સાથે નારી પ્રધાન ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતી. ૨૦૨૨ના વર્ષથી ‘જી લે ઝરા’નું શૂટિંગ શરૂ કરવાની ફરહાનની ઈચ્છા હતી. જો કે ત્રણ ટોચની એક્ટ્રેસને એક સાથે સ્ક્રિન પર લાવવામાં ફરહાનને ડેટ્સની સમસ્યા નડી અને આ ફિલ્મ અભેરાઈએ ચડી ગઈ. ફિલ્મને ફ્લોર પર લઈ જવા માટે ત્રણ વર્ષ પ્રયાસ કર્યા પછી ફરહાને રણવીર સિંહ સાથે ‘ડોન ૩’ બનાવવાનું આયોજન કરી લીધું. ફરહાનની ફિલ્મ અભેરાઈએ ચડી ગયા પછી પ્રિયંકાના માતા મધુ ચોપરાએ જણાવ્યું હતું કે, ભારત ખાતે પ્રિયંકાના પ્રોડક્શન હાઉસને બંધ કરી હોલિવૂડમાં ખસેડી લેવામાં આવશે.



**ફરહાન અખ્તરની ‘જી લે ઝરા’ અને એટલી-સલમાન સાથેની ફિલ્મો અટવાઈ**

### ટીકાકારોની બોલતી બંધ કરવા સલમાને ફિટનેસ સાબિત કરી

# ૫૯ વર્ષનો સલમાન સેતુરના ઝાડ પર ચડ્યો

તાજેતરમાં રિલીઝ થયેલી ‘સિકંદર’માં સલમાનની ફિટનેસ બાબતે ટ્રોલર્સે ખૂબ ટીકા કરી હતી. આ એક્શન ફિલ્મના એક્શન કરતી વખતે સલમાનની ઉંમરની અસર દેખાતી હોવાની કોમેન્ટ્સ થઈ હતી. ૫૯ વર્ષના સલમાન ખાને હવે એક્શન ફિલ્મોથી દૂર રહેવું જોઈએ તેવી સલાહ પણ નેટિઝન્સે આપી હતી. સામાન્ય રીતે સલમાન ખાન ટ્રોલર્સને ગંભીરતાથી લેવા ટેવાયેલા નથી, પરંતુ આ વખતની ટીકાઓને ભાઈજાને ગંભીરતાથી લીધી હતી. ટીકાકારોની બોલતી બંધ કરવા સલમાને ફિટનેસ સાબિત કરી હતી. સલમાને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં સેતુરના ઝાડ પર ચડવાનો વીડિયો શેર કર્યો હતો. સલમાને ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરેલા વીડિયોમાં તેને સેતુરના ઝાડ પર ચડીને ડાળીઓ હલાવતા જોઈ શકાય છે. ઝાડ પરથી નીચે પડતા સેતુરને વીણવા માટે બાજુમાં એક માણસ ઊભેલો છે. સેતુર તોડ્યા પછી સલમાન ઝાડ પરથી નીચે ઉતરતો જોવા મળે છે. સલમાને ઝાડ પર ચડતી વખતે બ્લેક શોર્ટ્સ અને વેસ્ટ પહેરેલા હતા. સલમાને કેપ્શનમાં લખ્યું હતું, બેરી ગુડ ફોર યુ. તાજેતરની ફિલ્મ ‘સિકંદર’ના ગીત હમ આપ કે બિના ને આ વીડિયોના બેકગ્રાઉન્ડમાં રખાયુ હતું. આ વીડિયોને જોયા બાદ સલમાનના ચાહકો ગેલમાં આવી ગયા હતા. સલમાન માટે વધતી ઉંમર માત્ર એક આંકડો હોવાનો દાવો કરી ઘણાં લોકોએ તેની ફિટનેસના વખાણ કર્યા હતા અને આગામી સમયમાં આવી જ એક્શન ફિલ્મો કરવા ઉત્સાહ વધાર્યો હતો. સલમાનની ‘સિકંદર’ ૩૦ માર્ચે ઈદ નિમિત્તે રિલીઝ થઈ હતી. સામાન્ય રીતે ઈદ પર રિલીઝ થતી સલમાનની ફિલ્મો હિટ રહેતી હોય છે, પરંતુ ‘સિકંદર’ માટે રૂ.૧૫૦ કરોડના કલેક્શન સુધી પહોંચવાનું પણ અઘરું બની ગયુ હતું. સલમાનની સાથે આ ફિલ્મમાં પ્રતીક બબ્બર, શરમન જોષી, કાજલ અગ્રવાલ, અંજની ધવન અને સત્યરાજ મહત્ત્વના રોલમાં છે. સલમાનની આગામી ફિલ્મ સંજય દત્ત સાથેની ‘ગંગારામ’ છે. આ ફિલ્મ પણ એક્શન એન્ટરટેઈનર છે.





### અજય દેવગને ‘ધમાલ ૪’નું શૂટિંગ પૂરું થયાની જાહેરાત કરી

# અરશદ વારસી, રિતેશ દેશમુખ સાથે અજય દેવગન ફરી ધમાલ મચાવશે

**બોલિવૂડની લોકપ્રિય ફ્રેન્ચાઈઝીમાંની એક આ ફિલ્મના 3 ભાગ પહેલાં આવી ચૂક્યા છે**

અજય દેવગનની ‘ગોલમાલ’ સિરીઝની જેમ ‘ધમાલ’ સિરીઝની ફિલ્મો પણ એટલી જ જાણીતી અને લોકપ્રિય છે. બોલિવૂડની લોકપ્રિય ફ્રેન્ચાઈઝીમાંની એક આ ફિલ્મના ૩ ભાગ પહેલાં આવી ચૂક્યા છે. હવે ફિલ્મની ટીમે ચોથા ભાગની જાહેરાત કરી છે. અજય દેવગને અચાનક જ પોતાના સોશિયલ મીડિયા પર ફિલ્મનું શૂટિંગ પૂરું થયાની જાહેરાત કરી છે. તેણે ટીમ સાથે ફિલ્મના સેટ પરથી તસવીર શેર કરી છે. ગુરુવારે અજય દેવગને ‘ધમાલ ૪’ની ટીમની તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જેમાં ફિલ્મના ડિરેક્ટર ઈન્દ્ર કુમાર, અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, જાવેદ જાફરી, સંજય મિશ્રા, સંજીદા શેખ અને અંજલિ આનંદ દેખાય છે.આ ફોટોની કૅપ્શનમાં અજયે લખ્યું હતું, ‘‘એ ગાંડપણ ફરી એક વાર આવી રહ્યું છે. ધમાલ ૪ની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે. મનશેજ ઘાટનું શિડ્યુલ પુરું થી ગયું છે હવે મુંબઈનું શિડ્યુલ શરૂ થશે. હાસ્યનું વાવાઝોડું આવવા દો..’’જેવી અજયે આ પોસ્ટ શેર કરી કે તેના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયાં હતાં. તો કોઈએ આ કાસ્ટમાં અન્ય કાસ્ટનો મહત્વનો ભાગ રહેલા આશિષ ચૌધરીની ગેરહાજરીની પણ વાત કરી હતી. તો કોઈએ બમન ઈરાનીની ગેરહાજરીની વાત કરી હતી. મહત્વની વાત એ પણ છે કે આ ફિલ્મમાં માધુરી દિક્ષિત પણ જોવા મળશે.



# જાન્હવી અને ઇશાનની નીરજ ઘેવાને ડિરેક્ટ કરેલી ફિલ્મ કાન્સ ૨૦૨૫માં સિલેક્ટ થઈ

### પ્રતિષ્ઠિત અને સર્ટન રિગાર્ડ કેટેગરી માટે હોમબાઉન્ડ ફિલ્મની પસંદગી થઈ


ફિલ્મ મેકર નીરજ ઘેવાનની ફિલ્મ ‘હોમબાઉન્ડ’ની ૨૦૨૫ના વર્ષના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિશ્ઠિત અન સર્ટન રિગાર્ડ સેક્શન કેટેગરીમાં પસંદગી થઈ છે. ઘેવાનની આ બીજી ફિલ્મ છે, આ પહેલાં તેમણે ‘મસાણ’ જેવી અતિ પ્રસંશા પામેલી ફિલ્મ બનાવી છે. આ ફિલ્મ પણ કેન્સમાં આ જ કેટેગરીમાં પ્રીમિયર થઈ હતી. કરણ જોહરે વરુણ ગ્રોવર અને સોમેશ મિશ્રા સાથે મળીને આ ફિલ્મ ધર્મા પ્રોડક્સન્સ અંતર્ગત પ્રોડ્યુસ કરી છે અને આ ફિલ્મમાં ઈશાન ખટ્ટર તેમજ વિશાલ જેઠવા લીડ રોલમાં છે, તેમજ જહાન્વી કપૂરે તેમાં કેમિયો કર્યો છે. ધર્મા પ્રોડક્શન્સ દ્વારા આ અંગે સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરીને ફિલ્મની ટીમને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ પોસ્ટમાં લખાયું હતું, ‘‘એવી ક્ષણ જ્યારે ભારતીય સિનેમાએ દુનિયા મુઠ્ઠીમાં કરી લીધી છે. અમે એ જાહેર કરતાં ગૌરવ અનુભવીએ છીએ કે હોમબાઉન્ડ ફિલ્મે ૭૮મા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ સુધી અન સર્ટન કેટેગરીમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. અમારું હૃદય ખુશીથી ભરેલું છે અને અમે તમને આ ફિલ્મ મોટા પડદે બતાવવા આતુર છીએ.’’ ઈશાને ‘પર્ફેક્ટ કપલ’માં કામ કર્યા પછી આંતરરાષ્ટ્રિય સ્તરે કેની કૅરિઅરમાં વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે. આ વખતે ઈશાન પહેલી વખત કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેશે. કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવી અને ગ્લોબલ સ્ટોરીનું સુંદર મિશ્રણ છે. જેમાં સ્કાર્લેટ જહોન્સનની ડિરેક્ટોરીયલ ડેબ્યુ ફિલ્મ એલેનોર ધ ગ્રેટ, ડિઆગો સ્પેડ્ઝની ધ મિસ્ટેરીયસ ગેઝ ઓફ ફ્લેમિંગો એકિનોલા ડેવીઝ જુનિયરની માય ફાધર્સ શેડો અને હેરિસ ડિકિન્સનની અર્ચિન જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. ફિલ્મ મેકર નીરજ ઘેવાનની ફિલ્મ ‘હોમબાઉન્ડ’ની ૨૦૨૫ના વર્ષના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિશ્ઠિત અન સર્ટન રિગાર્ડ સેક્શન કેટેગરીમાં પસંદગી થઈ છે. ઘેવાનની આ બીજી ફિલ્મ છે, આ પહેલાં તેમણે ‘મસાણ’ જેવી અતિ પ્રસંશા પામેલી ફિલ્મ બનાવી છે. આ ફિલ્મ પણ કેન્સમાં આ જ કેટેગરીમાં પ્રીમિયર થઈ હતી.



# એટલીની ફ્યુચરસ્ટિક ફિલ્મમાં અલ્લુ અર્જૂન સુપર હિરો અવતારમાં જોવા મળશે

### અભિનેતા અલ્લુ અર્જૂનના જન્મ દિવસે જાહેર થયો ફિલ્મનો ફર્સ્ટ લૂક

અલ્લુ અર્જૂનના જન્મ દિવસ નિમિત્તે અટલીએ અલ્લુ અર્જૂન સાથેની બિગ બજેટ ફયુચરિસ્ટીક સાઈફાઈ ફિલ્મની જાહેરાત કરી છે. સોમવારે ટીમ દ્વારા ફિલ્મનો પહેલો લૂક જાહેર કર્યો છે. સન પિક્ચર્સ દ્વારા પ્રોડ્યુસ થઈ રહેલી આ ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી તેથી હજુ આ ફિલ્મને ‘એએ22 X એ6’ કહેવાઈ રહ્યું છું. ‘એવરીથિંગ ફયુચરિસ્ટીક’ના આ ફર્સ્ટ લૂક પરથી ખ્યાલ આવે છે કે અલ્લુ અર્જૂન અને અટલી લોસ એન્જલસ ગયા હતા અને ત્યાં તેમણે દુનિયાના શ્રેષ્ઠ વીએફએક્સ સ્ટુડિયો સાથે પોતાની ફિલ્મના એનિમેશનની ડીલ કરી છે.આ વીડિયો જોતાં એવું લાગે છે કે અલ્લુ અર્જૂન આ ફિલ્મમાં ફયુચરિસ્ટીક સુપર હિરોના અવતારમાં જોવા મળશે કારણ કે તે આ વીડિયોમાં અલગ અલગ પ્રકારના માસ્ક પહેરતો અને ગીયર્સ સાથે થ્રીડી કેરેક્ટર્સને ચલાવતો પણ દેખાય છે. આ પોસ્ટ શેર કરતાં સન પિક્ચર્સની ટીમે લખ્યું હતું કે એક જોરદાર અનુભવ અને #AA22xA6ની ઉજવણી માટે તૈયાર થઈ જાઓ. આ ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રના જણાવ્યા અનુસાર આ ફિલ્મ લગભગ ૧૭૫ કરોડના ખર્ચે બની રહી છે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મની કમાણીમાંથી થતા નફામાં અલ્લુ અર્જૂને ૧૫ ટકા ભાગની ડીલ કરી છે. આ ફિલ્મ ડિરેક્ટ કરવા માટે અટલીએ ૧૦૦કરોડ જેવી મસમોટી ફી વસુલી હોવાની પણ ચર્ચા છે.જો અલ્લુ અર્જૂનના જન્મ દિવસની વાત કરવામાં આવે તો તેણે પત્ની અને બાળકો સાથે ઘરે જ પોતાનો ૪૩મો જન્મ દિવસ મનાવ્યો છે. આ ફિલ્મમાં અલ્લુ અર્જૂન પરાંત ત્રિવિક્રમ શ્રીનિવાસ પણ હશે. ‘પુષ્પાઃ ધ રૂલ’ ની વૈશ્વિક સફળતા અને રાષ્ટ્રીય પુરસ્કારથી નવા બનેલા અલ્લુ અર્જુન, બ્લોકબસ્ટર ‘જવાન’ માટે જાણીતા દિગ્દર્શક એટલી સાથે જોડાઈ રહ્યા છે. તેમના સહયોગ, જેનું નામ ‘AA22xA6’ હતું, તેની સત્તાવાર જાહેરાત અલ્લુ અર્જુનના જન્મદિવસ, ૮ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ કરવામાં આવી હતી.



**મહત્વની વાત એ છે કે આ ફિલ્મની કમાણીમાંથી થતા નફામાં અલ્લુ અર્જૂને ૧૫ ટકા ભાગની ડીલ કરી છે**

# મરચીની ખેતીમાં પેટલાદ તાલુકાના ભાટીયેલ ગામના ખેડૂતની નોંધપાત્ર સિધ્ધી

## ખેડૂત શ્રી કેતનભાઇ પટેલે મરચીના વાવેતરમાં રૂ.૩.૫૦ લાખ જેટલા ખર્ચની સામે બમણાથી ઉપરાંતની આવક મેળવી



આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ભાટીયેલ ગામના આત્મનિર્ભર ખેડૂત શ્રી કેતનભાઈ પટેલે મરચીની ખેતીમાં નવી સફળતા હાંસલ કરી છે. તેમના દ્વારા મરચીનું ઓક્ટોબર મહિનામાં વાવતેર કરવામાં આવ્યું હતું. મરચીનું મોડી રોપણી હોવા છતાં, તેમણે **Good agricultural practices** પધ્ધતિ દ્વારા તેમજ યોગ્ય પાણી વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણના ઉપયોગથી ગુણવતાવાળું ઉત્પાદન મેળવ્યું છે. શ્રી કેતનભાઈ પટેલના ખેતરમાં મરચીનો પાક ૨ વિઘા વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી તેમણે મરચીના વાવેતરમાં રૂ.૩ લાખ ૫૦ હજાર જેટલો ખર્ચ કર્યો છે.જેની સામે મરચીના વેચાણથી બમણાથી ઉપર એટલે કે રૂ.૭ લાખ ૨૫ હજારની આવક મેળવી છે. જે ખેતીના ક્ષેત્રમાં એક પ્રેરણાદાયક ઉદાહરણ બની રહ્યું છે. વધુમાં ખેડુતશ્રી કેળની ખેતી પણ કરે છે, જેમા બાગાયત ખાતા દ્વારા કેળ પાકમાં રૂ. ૩૭ હજારની સહાય આપવામાં આવી છે. નાયબ બાગાયત નિયામકશ્રી ડો. સ્મિતાબેન પિલ્લાઈના જણાવ્યા મુજબ ખેડૂતશ્રી કેતનભાઈની સફળતા પાછળ બાગાયત ખાતાની યોજનાના વિવિધ લાભો, ખેડૂતની મહેનત, યોગ્ય સમય પર ખેતીની કામગીરી, બજારની માહિતી સાથે જોડાયેલા નિર્ણય, ટેકનિકલ માર્ગદર્શન દ્વારા આણંદ જિલ્લાના ખેડૂતો આત્મનિર્ભર બની રહ્યા છે.

### પ્રાકૃતિક ખેતી અપનાવી, એક વર્ષમાં, એક એકર જમીનમાં રેકર્ડ બ્રેક ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો

# ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલ ખેડૂતે ટેક્નોલોજીના સહારે સ્ટ્રોબેરીની ખેતી શરૂ કરી

## આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન પૂર્ણ કરતાં યુવાને ખેતીથી રોજગારી સર્જી - 'ખેત મજૂર નહીં પણ ખેત માલિક બનવું છે' : જિગ્નેશભાઇ ભોયે





ઉમેશ ગાવિત 'ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ', 'અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ'- ઝવેરચંદ મેઘાણી રચિત આ પંક્તિનો અર્થ થાય છે કે, જે વ્યક્તિ યુવા અવસ્થામાં સાહસ કરીને કામ કરે છે તે જીવન જીવી જાણે છે અને નવું સર્જન કરી શકવાની ક્ષમતા ધરાવે છે. ઉક્ત પંક્તિઓને સાબિત કરી બતાવી છે ડાંગના એક તરવરિયા યુવાને. ડાંગ જિલ્લાના મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલ મોટા માંળુગા ગામનો ૨૬ વર્ષીય યુવક શ્રી જિગ્નેશભાઇ મધુભાઇ ભોયે જેણે, પ્રાકૃતિક ખેતી કરનાર પ્રગતિશીલ ખેડુત તરીકે નામનાં મેળવી છે. પાણીની અછત છતાંય ફળાઉ પાકની ખેતીમાં સાહસિકતા દાખવી આ યુવકે એક એકર જમીનમાં સ્ટ્રોબેરીનો મબલક પાક રળ્યો છે. માત્ર ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરેલ જિગ્નેશભાઇ ભોયેએ ટેક્નોલૉજીનો ઉપયોગ કરી યુટ્યુબના માધ્યમથી ખેતી વિશે જાણકારી મેળવી સ્ટ્રોબેરીની ખેતી કરવાનું શરૂ કર્યું હતું. છેલ્લાં ત્રણ વર્ષ થી તેઓ સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓ દર વર્ષે વાર્ષિક ૬ થી ૭ ટન જેટલું ઉત્પાદન મેળવે છે પરંતુ ચાલુ વર્ષ દરમિયાન એક એકર જમીનમાં રેકર્ડ બ્રેક ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવી તેઓ અન્ય ખેડૂતો માટે પ્રેરણા રૂપ બન્યા છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત બનાવવાનું સ્વપ્ન ડાંગના મોટા માળુંગાનો આ યુવાન સ્વપ્ન સાકાર કરી રહ્યો છે. ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો, જે બાદ રોજગારી માટે વાપી કે અન્ય ઈન્ડસ્ટ્રિયલ એરીયામાં નોકરી કરી, સાથે જ નજીકના મહારાષ્ટ્ર રાજ્યમાં દ્રાક્ષ અને સ્ટ્રોબેરીના ખેતરોમાં ખેત મજૂર તરીકે કામ કર્યું. પરંતુ આંખોમાં નવા સ્વપ્ન સેવી રહેલાં આ યુવકે ખેત મજૂર નહીં પરંતુ ખેત માલિક બનવાનો નિર્ણય કર્યો. વર્ષો થી તેઓના બાપદાદાઓ અને માતા-પિતા ખેત મજૂર તરીકે કામ કરતાં હતાં, પરંતુ ખેત મજૂર માંથી માલિક બનવાનો નિર્ધારિત કરેલ નિર્ણય આ યુવકે, ખેતી ક્ષેત્રે સંશોધન શરૂ કર્યું, ખેતી વિશે જાણકારી મેળવી સરકારના વિવિધ કાર્યક્રમો તેમજ તાલીમ મેળવી, પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મેળવી અને ઘર બેઠાં પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ધાર કર્યો હતો. શરૂઆતમાં પારંપરિક ખેતી સિવાય કારેલાં, દૂધી અને ટાંમેટાની ખેતી કરી, પરંતુ તેમાં સફળતા મળી નહી. જે બાદ ઈન્ટરનેટ ઉપર ફળાઉ પાકો ની જાણકારી મેળવી સાથે જ ફળાઉ પાકો માટે સરકારની યોજનાઓની વિગતો મેળવી અને સ્ટ્રોબેરીની ખેતી કરવાનું નક્કી કર્યું. શરૂઆતના વર્ષોમાં ઓછી જગ્યામાં સ્ટ્રોબેરીની ખેતી કરી જેનું છૂટક વેચાણ આહવા તેમજ સાપુતારા ખાતે કર્યું. આ સાથે જ ડાંગ જિલ્લાના બાગાયતી વિભાગના અધિકારીઓ પાસેથી ખેતી વિશે વધુ જાણકારી મેળવી, ખેતી પધ્ધતીઓ જાણી અને ત્રીજા વર્ષે એક એકર જમીનમાં સાહસ કરીને સ્ટ્રોબેરીની ખેતી કરી જેમાં વાર્ષિક ૧૧ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો જેનું તેઓ મોટ પાયે અમદાવાદમાં એક્સપોર્ટ કરી રહ્યાં છે. જિગ્નેશભાઇ ભોયે જણાવે છે કે, વર્ષો થી તેઓનો પરિવાર પારંપરિક ડાંગર, નાગલી, અડદ, વરઈ વગેરેની ખેતી કરી રહ્યાં છે. ભણતર બાદ તેઓ પોતે પણ છેલ્લાં ૬ વર્ષથી ખેતીના કામમાં જોતરાયેલા છે. તેઓએ પોતાની ખેતી સાથે બહાર ગામ મજુરી કામ પણ કર્યુ પરંતુ આત્મનિર્ભર બનવાનું નક્કી કરી તેઓએ ખેતીમાં ઝંપલાવ્યું, ખેતી પ્રત્યે પ્રમે થયો અને ગામમાં જ પોતાના ખેતરમાં ખેતીની શરૂઆત કરી જે બાદ તેઓએ ખેતીમાં નવતર પ્રયોગો કરી સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓએ અર્લી વિન્ટર અને વિન્ટર ડાઉન નામની ૨ સ્ટ્રોબેરીની જાતને ખેતરમાં વાવી છે. જેને સામાન્ય રીતના ૯૦ થી ૧૦૫ દિવસમાં પાક આવવાની શરૂઆત થાય છે. પાક આવ્યાં બાદ દર બે ત્રણ દિવસે સતત પાકની લણણી કરવી પડતી હોય છે. જેના માટે તેઓને સાત થી આઠ મજૂરોની જરૂર પડતી હોય છે. જેથી ખેતીના કામ થી તેઓએ ગામમાં જ રોજગારી સર્જી છે. તેમજ તેઓ જથ્થાબંધ સ્ટ્રોબેરી સુરત, ભરૂચ તેમજ મોટ પાયે અમદાવાદ માર્કેટમાં પોતાનો પાક વેંચી રહ્યાં છે. જેનાથી તેઓને ઘર બેઠાં આવક મળી રહે છે તેમજ ગામના લોકોને રોજગારી પણ મળી રહે છે. સ્ટ્રોબેરીના પાક થી તેઓ વાર્ષિક સરેરાશ ૭ થી ૮ લાખની મબલક કમાણી કરી રહ્યાં છે. જિગ્નેશભાઇ ભોયે સરકાર તેમજ બાગાયતી વિભાગનો આભાર વ્યક્ત કરતાં જણાવે છે કે, તેઓને બાગાયતી પાકોમાં કૃષિ સહાય, હાઈબ્રીડ બિયારણ માટે ૫૦ ટકા સહાય, તેમજ સ્ટ્રોબેરીના રોપા માટે સહાય, પ્લાસ્ટિક આવરણ, પેંકીગ મટીરિયલ, કાચા મંડપ સહાયમાં દરેક યોજના દીઠ કુલ ૭૫ ટકાની સહાય પ્રાપ્ત થઈ છે. ઉપરાંત બાગાયત વિભાગ માંથી પ્રેરણા પ્રવાસ તરીકે તેઓ સૌરાષ્ટ્ર જિલ્લાની મુલાકાતે પણ ગયાં હતાં. વધુમાં તેઓ જણાવે છે કે, ડાંગ જિલ્લાનું વાતાવરણ સ્ટ્રોબેરીના પાક માટે અનુકુળ છે. જેથી મહારાષ્ટ્રમાં ખેત મજૂર તરીકે જતાં લોકોએ પોતાના વતનમાં જ ખેતીની શરૂઆત કરવી જોઈએ, સરકાર બાગાયતી પાકોમાં સહાય તેમજ પ્રાકૃતિક કૃષિમાં સહાય આપી રહી છે. સ્ટ્રોબેરી પાક ડાંગની ઓળખ બનશે તેમજ અહિં મોટી સંખ્યામાં લોકો સ્ટ્રોબેરીના કારણે રોજગારી પ્રાપ્ત કરી શકે છે એવો મક્કમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નાયબ બાગાયત નિયામક શ્રી તુષારભાઇ ગામીતે વિભાગ અંગેની માહિતી આપતાં જણાવે છે કે, પાક ઉત્પાદન થી બજાર વ્યવસ્થા સુધીની તમામ યોજનાઓ સરકારમાં ચાલુ છે. જેમાં બાગાયત વિભાગ દ્વારા શાકભાજી માટે હાઈબ્રિડ બિયારણ, કાચાં/અડધાં પાકા/ પાકા મંડપ, ફળાઉ પાક માટેની યોજના, પ્લાસ્ટીક આવરણ, બાગાયતી પેદાશો માટે પેંકિગ મટીરીયલમાં સહાય સાધનો (તાડપત્રી/વજન કાંટો અથવા પ્લાસ્ટિક કેરેટ), બાગાયતી યાંત્રિકીકરણ માટે (મિની ટ્રેક્ટર, પાવર ટીલર, સ્વયં સંચાલિત બાગાયતી મશીનરી પાવર વિડર, બૅટરી ઓપરેટેડ સ્પ્રે પંપ જેવી યોજનાઓ આપવામાં આવે છે. ડાંગ જિલ્લાના ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં બાગાયતી ખેતી કરવામાં આવે છે. જેમાં રીંગણ, મરચાં, ટામેટાં, કારેલાં, ભીંડા, ડુંગળી, દુધી, ફણસી, આંબા, કાજુ, તરબૂચ, સ્ટ્રોબેરી, કોબી, હળદર, સફેદ મુશળી, વિગેરેની ખેતી કરવામાં આવે છે. જેમાં ૧૦ થી ૧૨ હેક્ટર વિસ્તાર જમીનમાં સ્ટ્રોબેરીની ખેતી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ડાંગમાં સ્ટ્રોબેરીની ખેતી કરતાં ૬૪ ખેડુતો જે પૈકી ૭ મહિલાઓને સ્ટ્રોબેરી માટે વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા થકી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ડાંગ સહિત ગુજરાતના ખેડૂતો 'નેચરલ ફાર્મીંગ' તરફ પ્રયાણ કરી રહ્યા છે. સરકારના સતત કૃષિલક્ષી કાર્યક્રમોની સફળતાના પગલે ડાંગના છેવાડાના વિસ્તારના યુવા ખેડુત જિગ્નેશભાઈ ભોયે જેવા ખેડૂતોના આર્થિક, સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે. બાગાયતી યોજનાઓની સબસીડી તેમ ખેડુતોને આપવામાં આવેલ તાલીમોના કારણે ખેડૂતો પરંપરાગત ખેતી છોડી ને બાગાયતી પાકો અપનાવી વધુ આવક મેળવતા થયા છે. સાથે જ ઓછા ખર્ચે ખેતીમાં વધુ ઉત્પાદન મેળવતા થયા છે.

# આત્મા એટલે પ્રાકૃતિક ખેતીને લગતી તાલીમ અને કાર્યક્રમો યોજતી સંસ્થા

## આત્મા એટલે ખેડૂતોની જરૂરિયાતો અનુસાર કૃષિને લગતું શિક્ષણ અને શિક્ષણ પ્રવૃત્તિઓના નવા સંશોધનો પૂરા પાડતી સંસ્થા

ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનું ચલણ વધે અને ખેડૂતો વધારેમાં વધારે પ્રાકૃતિક પેદાશો સાથે જોડાય; અને તે સિવાય પણ જે ખેડૂતો રાસાયણિક ખેતી સાથે જોડાયેલા છે તે પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે. ઘણી વાર ખેડૂતો અને સામાન્ય જનતા પણ પ્રાકૃતિક રીતે થતી ખેતીથી અજાણ હોય છે. પરંતુ, પ્રાકૃતિક કૃષિને લગતી ચર્ચાઓમાં આપણે ક્યારેક તો આત્માનું નામ સાંભળ્યું જ હશે. આત્મા **(ATMA - Agricultural Technology Management Agency)** એટલે એવી એક એજન્સી જેના દ્વારા પ્રાકૃતિક ખેતીને લગતી વિવિધ પ્રકારની તાલીમ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કૃષિ ટેકનોલોજી અને વ્યવસ્થાપન એજન્સી 'આત્મા' એ જિલ્લા સ્તરે કાર્યરત એક રજિસ્ટર્ડ સોસાયટી છે, જે જિલ્લાના તમામ કૃષિ સંબંધિત સંગઠનો અને કૃષિ ભાગીદારોને આયોજનથી અમલીકરણ સુધી સામેલ કરીને જિલ્લાના ટકાઉ કૃષિ વિકાસ માટે પ્રયત્નો કરે છે.

આત્માનું મુખ્ય કાર્ય જિલ્લાની તમામ સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું છે. ઉપરાંત, જાહેર કૃષિ ટેકનોલોજીને લગતી સિસ્ટમનું રોજિંદું સંચાલન અને તેનું વિકેન્દ્રિકરણ કરવાનું છે. આત્મા પ્રાકૃતિક કૃષિને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા તમામ જિલ્લાના કૃષિ વિભાગો, સંશોધન સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને કૃષિ વિકાસ સાથે સંકળાયેલ સંસ્થાઓ વગેરે સાથે જીવંત જોડાણ સ્થાપિત કરવા માટે જવાબદાર છે.

આત્માનું મિશન અને તેનો હેતુ ખેડૂતોને ધિરાણ લાયક બનાવવા માટેનો છે. પ્રાકૃતિક કૃષિને લગતા નિર્ણય લેવાની પ્રક્રિયાને વેગ આપવા માટે અને ખેતીમાં વ્યાવસાયિક અભિગમ શરૂ કરવા માટે ખેડૂતોને **FIG** (ફાર્મર્સ ઈન્ટરેસ્ટ ગ્રૂપ), **CIG** (કન્સરવેશન ઈનોવેશન ગ્રાન્ટ), **FAO** (ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ સાથે જ, ખેડૂતો પાસેથી મેળવેલી માહિતી પર ધ્યાન કેન્દ્રિત કરવું, ભાગીદારોની જવાબદારી વધારવી, ખેડૂતોની ક્ષમતાઓને મજબૂત કરવી, ખાનગી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી, સ્ત્રી અને પુરુષ બંને ખેતી સાથે જોડાય તે માટે તેમની ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું વગેરે છે. આત્મા ખેડૂતોની જરૂરિયાતો અનુસાર કૃષિને લગતું શિક્ષણ અને શિક્ષણ પ્રવૃત્તિઓના નવા સંશોધનો પૂરા પાડે છે. ખેડૂતો પોતાની ભાગીદારીથી, પોતાની મરજીથી નિર્ણયો લઈ શકે તે માટે સત્તાનું વિકેન્દ્રીકરણ, કૃષિ વિકાસ સાથે સંકળાયેલા તમામ સરકારી, અર્ધ-સરકારી, બિન-સરકારી, વાણિજ્યિક ખેડૂત સંગઠનો તેમજ કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યઉદ્યોગ જેવા વિભાગોનું સંકલન પણ આત્મા દ્વારા કરવામાં આવે છે. આત્મા મુખ્યત્વે ટેકનોલોજી(ખેડૂતોનું કૃષિ સંશોધન)ના ટ્રાન્સફરમાં કામ કરે છે.

# પ્રાકૃતિક કૃષિમાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઇટ્રોજન ચક્ર દ્વારા છોડના વિકાસ માટેની તમામ જરૂરિયાતો કુદરતી રીતે સંતોષાય છે

હાલનાં સમયમાં પ્રાકૃતિક ખેતી એક વ્યાવહારિક ખેતી તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે. આ ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતી ફક્ત નાના ખેડૂતો જ નહિં પણ, મધ્યમ અને મોટા ખેડૂતોને પણ લાભદાયી છે. પ્રાકૃતિક ખેતીથી ઉપજેલ ખેતપેદાશો ઝેરમુક્ત અને સ્વાસ્થ્યની દ્રષ્ટીએ સવર્શ્રેષ્ઠ સાબિત થઈ છે.

ગુજરાત રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વર્ણવી છે, જેને આધારે પ્રાકૃતિક ખેતીમાં ખાતર અને જંતુનાશક દવાઓની જગ્યાએ કુદરતી ચક્રો દ્વારા છોડનું પોષણ અને રક્ષણ કેમ થાય છે? તે જાણીએ.

જળચક્ર

પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રીય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઊતરે છે અને સંગ્રહ થાય છે. આ સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલા પોષક તત્ત્વો અને ખનીજો મિશ્રિત થાય છે. જ્યારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલા પોષક તત્ત્વો સાથે મૂળ નજીક આવે અને છોડને જરૂરી ભેજ અને પોષક તત્ત્વો પૂરાં પાડે છે. આમ પ્રાકૃતિક કૃષિમાં થતા જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકસાન થતું નથી અને પાણીની અછતમાં છોડને જરૂરી ભેજ મળી રહે છે.

ખાદ્યચક્ર

છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫થી ૯૬ ટકા જેટલો હોય છે. જેનું નિર્માણ છોડના પર્ણમાં સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા દ્વારા પાણી અને (હવામાં રહેલા) કાર્બન ડાયોક્સાઇડના સંયોજનથી થાય છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા



અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના અરણેજ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા હતા. આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કુલપતિ શ્રી ડો. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ એગ્રી.ડ્રોન પ્રોજેક્ટ અંડર સબમિશન ઓન એગ્રીકલ્ચર મિકેનિઝેશન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનથી છંટકાવના પ્રત્યક્ષ નિદર્શનનું આયોજન કરવામાં આવતું હોય છે. માર્ચ મહિના દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવતા કુલ ૧૫ ગામોના ૧૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોની પસંદગી કરવામાં આવી કે જેઓ પોતાના ખેતરમાં ડ્રોન દ્વારા છંટકાવ કરવા સંમત થયા હતા. આ ખેડૂતોએ ખેતરમાં વિવિધ પાકો જેવા કે સુવા, ડાંગર, જીરું, ચણા તેમજ વરિયાળી વગેરે પાકોમાં જુદા જુદા દ્રાવણો જેવા કે સાગરિકા (દરિયાઈ શેવાળ), નેનો યુરિયા, નેનો ડી.એ.પી., ગોળ દૂધનું મિશ્રણ તેમજ જીવામૃતનો ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો હતો. આ નિદર્શન હેઠળ ૪૦ એકર જેટલા વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો.

# રાસાયણિક ખાતરને છોડીને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા કંચનભાઈ રાઠવા

## ખેતી ખર્ચ ઘટે અને ઉત્પાદન સારું મળે એવી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી : કંચનભાઈ





છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મોટાઘોડા ગામના ખેડૂત અને ફાર્મર માસ્ટર ટ્રેનર કંચનભાઈ ધનજીભાઈ રાઠવા રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવોને ધ્યાને લઈને પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા. છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક કૃષિને અપનાવી અને અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત કરે છે.

પ્રાકૃતિક કૃષિ વિશે વાત કરતા તેઓ જણાવે છે કે, આત્મા પ્રોજેક્ટના અધિકારી સાથે અમારી મુલાકાત થઈ ત્યાંથી પ્રાકૃતિક કૃષિ વિશે માહિતી મળી હતી. આત્મા પ્રોજેક્ટ દ્વારા અમને ખેડા ખાતે દેથલી ગામમાં ત્રણ દિવસિય સેમીનારમાં પ્રાકૃતિક કૃષિ વિશે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિ શું છે? તે કેવી રીતે કરાય તેની સમજ આપવામાં આવી હતી,

પહેલા ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ બહુ કરતા હતા જેથી જમીન દૂષિત થઈ હતી.છેલ્લા ત્રણ વર્ષથી અમે ઘનજીવામૃત, બીજામૃત, જીવામૃત નો ખેતીમાં ઉપયોગ કરવાનું શરૂઆત કર્યું હતું. અત્યારે મારા ખેતરમાં ચોમાસાની અંદર રોપણી વાળી ડાંગર કરું છું અને એના પછી હું મકાઈનું વાવેતર કરું છું. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામથી જમીન ફળદ્રુપ બની છે. એક દેશી ગાયથી ૩૦ એકર ખેતી કરી શકાય છે. પહેલા ખેતી કરતા અઢી એકર જમીનમાં અંદાજે ૩૫ હજારનો ખર્ચ દવા-ખાતર, ખેડાણ અને મંજૂરીમાં થઈ જતો હતો. પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા ત્યારથી અમને નહિવત ખર્ચ થાય છે. જે કંઈ જ વસ્તુની જરૂર હોય તે મળી જતી હોવાના કારણે ઓછા ખર્ચમાં પ્રાકૃતિક ખેતી કરીએ છીએ અને નફો પણ સારો દેખાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન પાક પોતાના કુટુંબ માટે વાપરું છું. આ વર્ષે મારે ચોમાસેની સીઝનમાં ડાંગરની રોપણી કરી હતી જેમાં ૨૫ થી ૩૦ મણનો ઉતારો મળ્યો હતો. આ વખતના મકાઈમાં ૪૦ મણ જેટલું ઉત્પાદન થવાની શક્યતા છે. ગુજરાત સરકાર દ્વારા દેશી ગાયના નિભાવ ખર્ચ માટે માસિક ૯૦૦ રૂપિયા મળે છે. ખેડૂતોને સંદેશ આપતા કંચનભાઈ જણાવે છે કે, દરેક ખેડૂત પ્રાકૃતિક કૃષિ કરે એ જ મારો ઉદ્દેશ છે.

### ન્યૂઝ બ્રિફ

## કોઈ બેવકૂફ જ હશે જેણે આ ફિલ્મોની ટીકા કરી હોય



। (એજન્સી) મુંબઈ તા.૧૨ ।

બોલિવૂડ સ્ટાર અક્ષય કુમાર આ દિવસોમાં તેમની આગામી ફિલ્મ કેસરી ચેપ્ટર ૨ ના પ્રમોશનમાં વ્યસ્ત છે. તાજેતરમાં આ ફિલ્મ અંગે એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં અક્ષય કુમારે ભાગ લીધો હતો. આ ઈવેન્ટમાં અક્ષયે તેની ફિલ્મ ટોઈલેટ: એક પ્રેમ કથા પર પ્રતિક્રિયા આપી. વાસ્તવમાં જયા બચ્ચને ટોઈલેટ એક પ્રેમ કથાની ટીકા કરી હતી કે મને ફિલ્મનું નામ ગમ્યું નહીં. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલી એક ક્લિપમાં, અક્ષય કુમાર કહેતા જોવા મળે છે કે, મને નથી લાગતું કે કોઈએ ટીકા કરી હશે. ટોઈલેટ: એક પ્રેમ કથા, પેડમેન, કેસરી અને એરલિફ્ટ જેવી ફિલ્મોની ટીકા કોઈ બેવકૂફ જ કરી શકે છે. મેં આ ફિલ્મ ખૂબ જ દિલથી બનાવી છે. આ એક એવી ફિલ્મ છે જે લોકોને ઘણું શીખવે છે અને ઘણું બધું કહે છે. પછી જયારે અક્ષયને કહેવામાં આવ્યું કે, જયા બચ્ચને ફિલ્મ વિશે કંઈક કહ્યું છે. ત્યારે અક્ષયે કહ્યું કે, તેમણે જે કંઈ કહ્યું છે તે સાચું જ હોવું જોઈએ. જો તેઓ આ કહી રહ્યા છે તો તે સાચા જ હશે. મને નથી લાગતું કે મેં ફિલ્મ બનાવીને કોઈ ભૂલ કરી છે. જયા બચ્ચને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, ફિલ્મનું નામ જુઓ, ટોઈલેટ: એક પ્રેમ કથા. હું આવી ફિલ્મ ક્યારેય નહીં જોઉં. શું આ પણ કોઈ નામ છે, શું આ કોઈ ટાઈટલ છે, કૃપા કરીને મને કહો કે તમારામાંથી કેટલા લોકો આવા ટાઈટલવાળી ફિલ્મ જોશે. આ ફિલ્મ ફ્લોપ છે. આ વાતથી અક્ષય કુમાર અને ફિલ્મ સાથે સંકળાયેલા લોકો સ્પષ્ટપણે નારાજ થયા હોત.

## હિન્દુ પ્રતિકો-મહિલાઓ અંગે વિવાદાસ્પદ નિવેદન કરવું મંત્રીને ભારે પડ્યું

। (એજન્સી) ચેન્નાઈ તા.૧૨ ।

તમિલનાડુના વન મંત્રી અને ડીએમકેના સીનિયર નેતા કે.પોનમુડીને હિન્દુ પ્રતિકો અને મહિલાઓ પર ગંદી મજાક કરવી ભારે પડી છે. પાર્ટીએ તેમની સામે કાર્યવાહી કરી મહાસચિવ પદેથી હાકી કાઢ્યા છે. પોનમુડીએ એક જાહેર સમારોહમાં હિન્દુ ધાર્મિક પ્રતિકો અને મહિલાઓ અંગે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. તેણે હિન્દુ તિલક પર કોમેન્ટ કરી હતી, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ચારેકોર તેમની ટીકા થઈ રહી છે. પાર્ટીના સાંસદ કનિમોઝીએ પણ પોનમુડીના નિવેદનથી વાંધો ઉઠાવ્યો છે. **DMK** સાંસદ કનિમોઝીએ સોશિયલ મીડિયા પર આક્રોષ સાથે પોસ્ટ કરીને કહ્યું છે કે, 'મંત્રી પોનમુડીએ તાજેતરમાં કરેલું ભાષણ અયોગ્ય છે. તેમના અપમાનજનક ભાષણની નિંદા કરવી જોઈએ.' પોનમુડીએ હિન્દુ ધાર્મિક પ્રતિકો શૈવ અને વૈષ્ણવને અપમાનજનક સંદર્ભમાં જોડ્યા હતા. ભાજપના આઈટી સેલના પ્રમુખ અમિત માલવિયાએ આ મુદ્દે મુખ્યમંત્રી સ્ટાલિન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, **'DMK, કોંગ્રેસ, TMC, RJD સહિત INDIA** ગઠબંધનના સાથી પક્ષો વિચારધારા માટે નહીં, પરંતુ હિન્દુ માન્યતાઓનું અપમાન કરવા માટે એક થયા છે.'

### ભારતના ઈવીએમ એકદમ ફૂલપ્રુફ છે : ચૂંટણી પંચ

# 'EVM હેક થઈ શકે, એના પુરાવા છે': તુલસી ગબાર્ડ

### ભારતના ઈવીએમ કેલક્યુલેટરની જેમ કામ કરે છે, ઈન્ટરનેટ સાથે કનેક્ટ કરી શકાતું નથી, હેકિંગ શક્ય જ નથી : ચૂંટણી પંચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતમાં વિપક્ષ વર્ષોથી ઈવીએમથી મતદાન સામે સવાલ ઉઠાવતો રહ્યો છે. વિશેષરૂપે ચૂંટણીમાં પરાજય થાય એટલે દોષનો ટોપલો ઈવીએમના માથે નાંખી દેવાય છે. જોકે, ઈવીએમ સાથે ચેડાંના વિપક્ષના દાવા ચૂંટણી પંચ સતત ફગાવતું રહ્યું છે. જોકે, અમેરિકન નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે દાવો કર્યો છે કે ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ હેક થઈ શકે છે અને તેના પુરાવા પણ મળ્યા છે. તેમણે અમેરિકામાં બેલટ પેપરથી ચૂંટણીની માગ કરી છે. તેમના આ નિવેદનથી ભારતમાં હોબાળો મચ્યો છે. વિપક્ષે ફરી એક વખત ઈવીએમ સામે સવાલ ઉઠાવ્યા છે. જોકે, ચૂંટણી પંચે ભારપૂર્વક કહ્યું છે કે ભારતની ઈવીએમ સિસ્ટમ ફૂલપ્રૂફ છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કેબિનેટ બેઠક દરમિયાન યુએસ નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે દાવો કર્યો કે ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ (ઈવીએમ સિસ્ટમ) હેક થઈ શકે છે. તેથી



આખા દેશમાં પેપર બેલટથી મતદાન તરફ વળવું જોઈએ. આ બેઠકમાં તેમણે વોટિંગ મશીનની સુરક્ષામાં ખામીના પુરાવા પણ રજૂ કર્યા હતા.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૦ની ચૂંટણી દરમિયાન ભૂતપૂર્વ સાયબર સિક્યોરિટી ચીફ ક્રિસ ક્રેબ્સની તપાસ માટે ડિપાર્મેન્ટ ઓફ જસ્ટિસને નિર્દેશો આપતા એક્ઝિક્યુટિવ ઓર્ડર્સ પર હસ્તાક્ષર કર્યાના બીજા દિવસે ગબાર્ડે આ દાવો કર્યો હતો.ગબાર્ડે કહ્યું કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ લાંબા સમયથી હેકર્સના નિશાના પર છે અને તેને કેવી રીતે હેક કરી શકાય તેના પુરાવા આપણી પાસે છે. હેકર્સ ઈવીએસમાં પડેલા મતો સાથે ચેડાં કરી શકે છે, તેથી ઈવીએમ જરા પણ વિશ્વાસપાત્ર સિસ્ટમ નથી. આપણે દેશમાં ચૂંટણીની પ્રમાણિક્તામાં મતદારોનો વિશ્વાસ જાળવી રાખવા માટે બેલટ પેપરથી મતદાન ફરજિયાત કરવું જોઈએ.તુલસી ગબ્બાર્ડના આ નિવેદનના અમેરિકા જ નહીં ભારતમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડયા છે. વિપક્ષને ફરી એક વખત ભારતમાં ઈવીએમ સામે સવાલ ઉઠાવવાની તક મળી ગઈ છે. વિપક્ષે ફરીથી દેશની ચૂંટણીમાં બેલટ પેપરથી મતદાનની માગ કરી છે. બીજીબાજુ તુલસી ગબ્બાર્ડના નિવેદનના સંદર્ભમાં ચૂંટણી પંચે જવાબ આપ્યો છે. ચૂંટણી પંચના સૂત્રોએ ભારપૂર્વક કહ્યું કે, ભારતના ઈવીએમ એકદમ ફૂલપ્રૂફ છે. ભારતમાં વપરાતા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન હેકિંગ પ્રત્યે એકદમસંવેદનશીલછે.ઈવીએમસરળકેલક્યુલેટરની જેમ કાર્ય કરે છે અને તેને ઈન્ટરનેટ કે ઈન્ફ્રારેડ સાથે કનેક્ટ કર શકાતું નથી. કેટલાક દેશો ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમનો ઉપયોગ કરે છે.

### અમેરિકા સાથેના 'ટ્રેડ ટોક' અંગે પિયુષ ગોયલનું નિવેદન

## ભારત કોઈના લમણે બંદૂક મૂકીને વેપાર કરતું જ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દુનિયાના તમામ દેશો પર ટેરિફની જાહેરાત વચ્ચે ભારતના વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે, ભારત અને અમેરિકાની વચ્ચે એક વ્યાપાર કરારને લઈને વાટાઘાટો ચાલી રહી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, ભારતના હિત સર્વોપરી રહેશે અને કોઈના પણ દબાણમાં આવીને વાટાઘાટો નહીં કરીએ. ગોયલે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું કે, 'મેં પહેલા પણ અનેકવાર કહ્યું છે કે, ભારત બંદૂકની અણીએ વેપાર નથી કરતું. સમયમર્યાદા સારી હોય છે કારણ કે, તે વાતચીતને વેગ આપે છે પણ જ્યાં સુધી અમે દેશ અને પ્રજાના હિતોની રક્ષા કરવામાં સક્ષમ ન થઈએ ત્યાં સુધી ઉતાવળ કરવી યોગ્ય નથી. ભારત અને અમેરિકા વચ્ચે તમામ વેપાર અંગેની વાતચીત ઈન્ડિયા ફર્સ્ટની ભાવના સાથે વિકસિત ૨૦૪૭ની દિશામાં આગળ વધી રહી છે.'કેન્દ્રીય મંત્રીનું આ નિવેદન ત્યારે સામે આવ્યું છે, જ્યારે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને છોડીને બાકી તમામ દેશો પર લગાવવામાં આવેલાં પારસ્પરિક ટેરિફ પર રોક લગાવવાની જાહેરાત કરી છે. ચીન પર હવે ૧૪૫ ટકા



ટેક્સ લગાવવામાં આવશે. ભારત સહિત ૭૫ દેશોને ટેરિફથી હવે ૯૦ દિવસોની રાહત મળી છે. ભારત અને અમેરિકાએ આ વર્ષે પાનખર (સપ્ટેમ્બર-ઓક્ટોબર) સુધી પોતાના વેપાર કરારના પહેલાં તબક્કાને અંતિમ રૂપ આપવાનું લક્ષ્ય રાખ્યું છે અને ૨૦૩૦ સુધી દ્વિપક્ષીય વ્યાપારને વર્તમાન ૧૯૧ અબજ ડોલરથી વધારીને ૫૦૦ અબજ ડોલર કરવાની યોજના છે. ભારત અને વોશિંગ્ટને હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઈટ હાઉસમાં થયેલી બેઠક બાદ ૨૦૨૫ના પાનખર સુધી દ્વિપક્ષીય વેપાર કરારના પહેલાં તબક્કાની વાતચીત પૂર્ણ કરવા પર સંમતિ દર્શાવી છે. ભારત-યુરોપિયન સંઘ વેપાર કરાર અંગે ગોયલે કહ્યું કે, 'જ્યારે બંને પક્ષ એકબીજાની ચિંતા અને જરૂરિયાતો પ્રતિ સંવેદનશીલ હોય છે, ત્યારે વાટાઘાટો આગળ વધે છે.

### જબલપુરના ચરગવાં વિસ્તારની ઘટના

## બલિ આપવા જઈ રહેલા લોકોની કાર નદીમાં ખાબકી

। (એજન્સી) જબલપુર, તા.૧૨ ।

મધ્ય પ્રદેશના જબલપુરના ચરગવાં વિસ્તારમાં ગુરુવારે એક ફુલ સ્પિડ કાર બેકાબૂ થતાં પુલની રેલીંગ તોડીને નદીમાં પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થઈ ગયા છે અને બે ઘાયલ થયા છે. રિપોર્ટ્સ અનુસાર, ડ્રાઈવર ફુલ સ્પીડમાં કાર ચલાવી રહ્યો હતો અને અચાનક ગાડી બેકાબૂ થઈ ગઈ. વાહન પુલની રેલીંગ તોડીને બાદમાં નદીમાં પડી ગઈ. ચરગવાં પોલીસ સ્ટેશનના પ્રભારી અભિષેક પ્યાસીએ આઈએએનએસ સાથે વાત કરતા જણાવ્યું કે, આ ઘટના બપોરે લગભગ ૩.૩૦થી ૩.૪૫ની વચ્ચે થઈ હતી. ગ્રામ લોકોની સૂચના મળતા તરત પોલીસ આવી ગઈ. પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી. કાર સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા. જ્યારે બે અન્ય લોકો ઘાયલ થઈ ગયા, જેમને હોસ્પિટલમાં સારવાર માટે જબલપુર મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ઘાયલ લોકોની હાલત પણ ગંભીર હોવાનું કહેવાય છે. કારમાં સવાર લોકો એક બકરાને બલિ આપવા લઈ જતા હતા. અધિકારીએ જણાવ્યું કે, પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે, નજીકમાં આવેલા દેવતાને બકરાની પ્રતીકાત્મક ભેટ આપ્યા બાદ પરત ફરી રહ્યા હતા. જે એક અનુષ્ઠાનનો ભાગ હતો. કારણ કે તમામ લોકો એક જ સમુદાયના હતા. જો કે બકરો દુર્ઘટનામાં બચી ગયો છે. અધિકારીએ જણાવ્યું કે, ઘાયલ તમામ યાત્રાના નિવેદન આપવાની સ્થિતિમાં નથી. પોલીસ ઘટના વિશે સ્પષ્ટ જાણકારી પ્રાપ્ત કરવા માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને બચેલા લોકોના નિવેદનની રાહ જોઈ રહી છે. આપને જણાવી દઈએ કે, ચરગવાં પોલીસની ટીમ દુર્ઘટનાની જાણકારી મળ્યા બાદ તરત ઘટનાસ્થળે પહોંચી. ટીમે સ્થાનિક રહેવાસીઓની મદદથી કારમાં ફસાયેલા ઘાયલો અને મૃતકોને બહાર કાઢ્યા.

### ડોક્ટરોની અછતને પગલે પી.જી. ડોક્ટરોને ખાસ નિયુક્તિ આપવા તૈયારી

## ચારધામ યાત્રામાં ખાનગી PG રેસિડેન્ટ ડોક્ટરોની સેવા લેવાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

દેશમાં આગામી દિવસોમાં ચારધામની યાત્રા શરૂ થવાની છે ત્યારે નેશનલ મેડિકલ કમીશન દ્વારા આ યાત્રા દરમિયાન પ્રાઈવેટ મેડિકલ કોલેજના ડોક્ટરો સેવા આપે તેવી તાકીદ કરવામાં આવી છે. પહેલા તબક્કામાં ૫૦ ડોક્ટરોની નિયુક્તિ કરવાની પણ આદેશ આપવામાં આવ્યો છે.ડીસ્ટ્રીક્ટ રેસીડેન્શી પ્રોગ્રામમાં પી.જી.મેડિકલનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ચારધામની યાત્રામાં ભાગ લેતાં શ્રધ્ધાળુઓ સામે જે પ્રકારના પડકારો અને



મુશ્કેલીઓ આવતી હોય છે તેને સમજીને આરોગ્યને લગતી સમસ્યાઓના ઉકેલ લાવી શકે તે માટે નેશનલ મેડિકલ કમીશન દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ દ્વારા પી.જી.મેડિકલના વિદ્યાર્થીઓને ખાસ સેવા માટે મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે પ્રાઈવેટ કોલેજોને પણ પોતાના વિદ્યાર્થીઓની સેવા આપવા તાકીદ કરવામાં આવી છે. ચારધામની યાત્રા દરમિયાન આ ડોક્ટરો સતત સાથે રહીને શ્રધ્ધાળુઓને નડતી મુશ્કેલી અને આરોગ્ય સબંધી સેવાઓ પુરી પાડશે. પહેલા તબક્કામાં ૫૦ ડોક્ટરોને આ માટેની સૂચના પણ આપી દેવામાં આવી છે. સ્થાનિક સરકારમાં ડોક્ટરોની અછતને ધ્યાનમાં રાખીને હાલમાં પ્રાઈવેટ મેડિકલ કોલેજો સાથે પણ આ સેવા માટે વાટાઘાટો શરૂ કરવામાં આવી છે.

## યુપી-બિહારમાં વીજળીના કડાકા સાથે વરસાદથી બે દિવસમાં ૧૧૦નાં મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દેશમાં મોસમની બેવડી માર પડી રહી છે. એક તરફ તીવ્ર ગરમી અને બીજી તરફ આંધી-તોફાન અને કમોસમી વરસાદનો પ્રકોપ છે. યુપી-બિહારમાં બે દિવસમાં આંધી-તોફાનને લીધે ૧૧૦ લોકોના મોત થયા છે. એમાંથી બિહારમાં ૮૧ લોકોના અને યુપીમાં ૨૯ લોકોના મોત થયા છે. ભારતીય હવામાન વિભાગે કહ્યું કે, શુક્રવારે પણ જમ્મુ-કાશ્મીર, ઉતરાખંડ, હિમાચલપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, કેરળ, તમિલનાડુ, આસામ, મેઘાલયમાં ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. સાથે જ વીજળી પડવાનું પણ એલર્ટ આપવામાં આવ્યું છે. ભારે વરસાદ પણ પડી શકે છે. દેશભરમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત છે. મોટાભાગના રાજ્યોમાં ગુરુવારે દિવસે તાપમાનનો પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહ્યો છે. રાજસ્થાનના બાડમેરમાં સૌથી વધુ ૪૪.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાનનો પારો પહોંચી ગયો છે. આગામી દિવસોમાં રાજસ્થાન-ગુજરાતમાં ગરમીનો પારો ૪૦-૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે. દિલ્હીમાં પણ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી જવાનું અનુમાન છે. ભારતીય હવામાન વિભાગે કહ્યું કે, રાજસ્થાનના જેસલમેર-બાડમેર, ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ, પશ્ચિમ યુપી, હરિયાણા, પંજાબ, દિલ્હી-એનસીઆરમાં લૂ ને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મધ્યપ્રદેશના ૩૦ જિલ્લામાં લૂનું એલર્ટ છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં લૂનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## યુરોપના દેશો યુક્રેનને ૨૬ અબજ ડોલરની મિલિટરી સહાય આપશે

। (એજન્સી) બ્રસેલ્સ, તા.૧૨ ।

રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ તેના ચોથા વર્ષમાં પ્રવેશ્યું છે ત્યારે યુદ્ધવિરામની મંત્રણા કરવા માટે અમેરિકન દૂત રશિયન પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનને મળશે. બીજી તરફ યુરોપિયન યુનિયને આ યુદ્ધમાં યુક્રેનને વધુ ૨૬ અબજ ડોલરની મિલિટરી સહાય આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. યુક્રેને અમેરિકાના યુદ્ધવિરામ પ્રસ્તાવને સમર્થન આપ્યું છે, પરંતુ રશિયાએ આકરી શરતો લાદીને અમેરિકાના પ્રયાસો સામે અવરોધ ઊભો કર્યો છે. યુરોપિયન દેશો પુતિન પર પીછેહટ કરવાનો આક્ષેપ કરી રહ્યાં છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે રશિયાએ યુદ્ધ સમાપ્ત કરવાના માર્ગ પર આગળ વધવું પડશે. આ યુદ્ધ ભયંકર છે. ક્રેમલિનએ જણાવ્યું હતું કે ટ્રમ્પના રાજદૂત સ્ટીવ વિટકોફ સેન્ટ પીટર્સબર્ગમાં પુતિન સાથે મુલાકાત કરશે. ક્રેમલિન પર યુદ્ધવિરામનું દબાણ કરી રહેલા વિટકોફે શરૂઆતમાં પુતિનના રાજદૂત કિરીલ દિમિત્રીવ સાથે મુલાકાત કરી હતી. બ્રસેલ્સમાં યુક્રેનના પશ્ચિમી સમર્થક દેશોની બેઠકની અધ્યક્ષતા કર્યા પછી બ્રિટિશ સંરક્ષણ પ્રધાન જોન હીલીએ જણાવ્યું હતું કે કુલ ૨૧ અબજ યુરો (૨૬ અબજ ડોલર)ની લશ્કરી સહાયની યુરોપના દેશોએ પ્રતિબદ્ધતા આપી છે.

## સરકારે સ્થાનિક અને સીધાં વિદેશી રોકાણને નષ્ટ કરી નાખ્યું: કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કોંગ્રેસે કેન્દ્રની મોદી સરકાર પર સ્થાનિક રોકાણને નષ્ટ કરવાનો તથા ભય, છળ તથા ધમકી (ફીયર, ડીસિટ તથા ઈન્ટિમિડેશન-એફડીઆઈ)ના અલગ પ્રકારના એફડીઆઈ દ્વારા સીધાં વિદેશી રોકાણને અવરોધવાનો આક્ષેપ મુક્યો હતો. ભાજપે જોકે આ આક્ષેપોને ફગાવતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ વર્તમાન ભારત સાથેનો સંપર્ક ગુમાવી ચૂકેલો પક્ષ છે. જ્યારે તેની સામે મોદી સરકારના ૨૦૧૪-૨૪ના શાસન દરમિયાન ૭૦૯.૮૪ અબજ ડોલરનો એફડીઆઈ પ્રવાહ નોંધાયો હતો. એક્સ પરની એક પોસ્ટમાં કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, એપ્રિલ જાન્યુઆરી, ૨૦૧૨-૧૩ દરમિયાન દેશમાં સીધું વિદેશી રોકાણ ૧૯ અબજ ડોલર રહેવા પામ્યું હતું. જે નોંધપાત્ર રીતે ઘટીને એપ્રિલ-જાન્યુઆરી, ૨૦૨૪-૨૫ દરમિયાન ૧.૯ અબજ ડોલર રહેવા પામ્યું હતું. રમેશના આક્ષેપોનો જવાબ આપતાં ભાજપના અમિત માલવિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ શાસિત યુપીએના પ્રથમ કાર્યકાળ દરમિયાન સરેરાશ વાર્ષિક એફડીઆઈ ૧૮.૨ અબજ ડોલર હતું.

**વિશેષ** ગુજરાત સહિત ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશના મીડિયા નોડલ સહિતના ઓફિસર્સને કમ્યુનિકેશનના વિવિધ પાસાઓ અંગે તાલીમ અપાઈ

# નવી દિલ્હી ખાતે ભારતના ચૂંટણી પંચ દ્વારા મીડિયા ઓફિસર્સનો એકદિવસીય તાલીમ સેમિનાર સંપન્ન







। (માહિતી) ગાંધીનગર ।

ભારતના ચૂંટણી પંચ દ્વારા નવી દિલ્હી ખાતે ગુજરાત સહિત ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના મીડિયા નૉડલ ઑફિસર્સ, સોશિયલ મીડિયા ઑફિસર્સ અને જિલ્લાકક્ષાના જનસંપર્ક અધિકારીશ્રીઓને મીડિયાલક્ષી તાલીમ આપવામાં આવી હતી. તા.૦૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યોજાયેલા એકદિવસીય તાલીમ સત્રમાં માધ્યમોના વધતા જઈ રહેલા કાર્યવિસ્તારને અનુલક્ષીને ચૂંટણીતંત્ર સાથે સંલગ્ન અધિકારીશ્રીઓ વચ્ચે સુચારૂ સંકલન કેળવવા યોગ્ય કાર્યપદ્ધતિ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાની સાથે સાથે ડિજીટલ અને સોશિયલ મીડિયાના વધતા જતા વ્યાપને ધ્યાને લઈ તેના હકારાત્મક ઉપયોગ માટે ભારતનું ચૂંટણી પંચ પ્રતિબદ્ધ છે. લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૦ અને ૧૯૫૧, મતદાર નોંધણી નિયમો-૧૯૬૦, ચૂંટણી સંચાલન નિયમો-૧૯૬૧ ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવેલી કાર્યપદ્ધતિઓ, સૂચનાઓ અને માર્ગદર્શિકાઓને અનુલક્ષીને ઈફેક્ટિવ કમ્યુનિકેશન, જરૂરી માહિતીના અસરકારક પ્રચાર-પ્રસાર અને ખોટી કે ભ્રામક માહિતીને ફેલાતી અટકાવવા જેવા વિવિધ વિષયો અંગે આ સેમિનારમાં વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણીઓ યોજવા માટે ભારતના ચૂંટણી પંચ પ્રતિબદ્ધ છે ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમારે તેમના સંબોધનમાં ડિજીટલ માધ્યમોની વ્યાપક પહોંચ વચ્ચે ચૂંટણી પ્રક્રિયામાં મતદારોના વિશ્વાસને જાળવી રાખવા હકીકતલક્ષી, સમયસર અને પારદર્શી સંચારના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે તથ્યહિન અને ભ્રામક સમાચારો સામે મતદારોને સાચી અને આધારભૂત માહિતી મળી રહે તે માટે મીડિયા ઑફિસર્સની સક્રિય ભૂમિકા અંગે પણ વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગત તા.૦૪ એપ્રિલ ખાતેં દ્વઈર ખાતે યોજાયેલી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીઓની કૉન્ફરન્સમાં નક્કી થયા મુજબ મીડિયા ઑફિસર્સની તાલીમ ઉપરાંત પશ્ચિમ બંગાળના ૨ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ, ૧૨ મતદાર નોંધણી અધિકારીશ્રીઓ અને ૨૧૭ બુથ લેવલ ઑફિસર્સનો બે-દિવસીય રાષ્ટ્રીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

# રાજપીપળા ખાતે "રત્નસિંહજી મહિડા મેમોરિયલ એવોર્ડ" અર્પણ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## રાજ્યના ૧૪ આદિજાતી જિલ્લાના ૫૩ તાલુકાના આદિજાતિ સમુદાયનો સર્વગ્રાહી ઉત્કર્ષ વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં રાજ્ય સરકારે સુનિશ્ચિત કર્યો છે : મુખ્યમંત્રી

। રાજપીપળા, તા.૧૨ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા જિલ્લાના રાજપીપલાના પ્રતિષ્ઠિત સમાજ સુધારક, શિક્ષણવિદ અને આદિવાસીઓના કલ્યાણને આજીવન સમર્પિત સ્વ.રત્નસિંહજી મહિડાની સ્મૃતિમાં રત્નસિંહ મહિડા મેમોરિયલ એવોર્ડથી બે વ્યક્તિ વિશેષનું સન્માન કર્યું હતું. આ વર્ષ થી રત્નસિંહ મહિડા મેમોરિયલ એવોર્ડ પ્રથમવાર આપવાનું શરૂ કરવામાં આવ્યું છે અને આ પ્રથમ એવોર્ડ સન્માન બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.મધુકર પાડવી અને આંધ્ર યુનિવર્સિટી વિશાખાપટ્ટનમના પ્રથમ મહિલા આદિવાસી વાઈસ ચાન્સેલર ડો. એસ. પ્રસન્નાને એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સન્માન અર્પણ કરતા સ્વર્ગીય રત્નસિંહ મહિડાની આદિવાસી કલ્યાણ અને શિક્ષણ માટેની સેવાકીય પ્રવૃત્તિઓની પ્રસંશા કરી કરી હતી. તેમણે કહ્યું કે, આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાના ૧૫૦મા જન્મ જયંતિ વર્ષે જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણીના આ વર્ષમાં આ એવોર્ડની શરૂઆત એક સંયોગ છે. મુખ્યમંત્રીશ્રીએ સ્વ.રત્નસિંહજી મહિડાના આ વારસાને આગળ ધપાવતા તેમના પૌત્રી વિરાજકુમારી મહિડાને પણ બિરદાવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સ્વ.રત્નસિંહજી મહિડાએ શિક્ષણ દ્વારા આદિવાસીઓને સમાજના મુખ્યપ્રવાહમાં લાવવાની જરૂરિયાત પર ભાર મૂકીને શિક્ષણનો



સેવાયજ્ઞ વર્ષ ૧૯૫૭માં ભરૂચ જિલ્લામાં આદિવાસી સેવા સંઘની સ્થાપનાથી શરૂ કર્યો હતો. બાલવાટિકાથી માંડી કોલેજ સુધીની ૭૨ જેટલી શિક્ષણ સંસ્થાઓ તેમણે કાર્યરત કરી હતી. તેમની આ મહેનતથી આદિવાસી અને છેવાડાના વંચિત લોકો માટે શિક્ષણની નવી તકો ઊભી થઈ. સ્વ.રત્નસિંહજીના સમર્પણ અને અવિરત સેવા કાર્યથી આ સમગ્ર પ્રદેશમાં આદિવાસી સમાજના સશક્તિકરણનો પાયો નંખાયો જેના પરિણામે અસંખ્ય લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન થયું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આદિવાસીઓના કલ્યાણ અને સમુચિત ઉત્કર્ષ માટેના પરિણામદાયી પ્રયાસો પાછલા દશકમાં થયાછે તેની ભૂમિકા આ એવોર્ડ અર્પણ કરતા આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આદિજાતિ કલ્યાણના બજેટમાં ત્રણ ગણો વધારો કરવા સાથે ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનમાં ૬૩ હજાર ગામોમાં સામાજિક માળખાકીય સુવિધાઓને વેગ આપ્યો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ગુજરાતમાં પણ વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં ૧૪ આદિજાતિ જિલ્લાના ૫૩ તાલુકામાં આદિવાસી સમુદાયનો સર્વગ્રાહી ઉત્કર્ષ રાજ્ય સરકારે સુનિશ્ચિત કર્યો છે. આદિવાસી વિસ્તારના યુવાનોને ઘર આંગણે સ્કિલ બેઝ, વોકેશનલ, ટેકનિકલ તથા ટ્રાયબલ આર્ટ અને કલ્ચરનું ઉચ્ચ શિક્ષણ આપવા વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી રાજપીપલા માં બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી શરૂ થઈ છે. આદિજાતિ વિકાસ વિભાગના આ વર્ષના બજેટમાં માત્ર શિક્ષણની યોજનાઓ માટે વધારાના ૩૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ યોગદાન આપનાર આદિવાસી સમાજના વ્યક્તિઓને પુરસ્કારથી સન્માનવાનો આ ઉપક્રમ આદિજાતિ ઉત્કર્ષની નવી પ્રેરણા પુરી પાડશે.

## રાજકોટમાં ૪૦ લાખનો વીમો પકવવા નકલી રિપોર્ટનું કૌભાંડ ઝડપાયું

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટમાં દેવામાં ડૂબેલા એક ચા વાળાએ ૪૦ લાખનો વીમો પકાવવા નકલી રિપોર્ટ બનાવી કૌભાંડ કર્યું હોવાનું સામે આવ્યું છે. કૌભાંડમાં એક ફિઝિયોથેરાપિસ્ટની સંડોવણી સામે આવતા તેની ધરપકડ કરાઈ છે. ખાનગી હોસ્પિટલના એક કર્મચારીની ખુલી છે. વીમા પોલિસીની ખરાઈ કરતી એજન્સીના અધિકારીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, મયુર છુંછારે આઈસીઆઈસીઆઈ વીમા કંપનીમાં પોતાની જાતને પેરેલિસિસ હોવાનું જણાવીને મેડિકલ ક્લેમ પાસ કરાવવા માટે ખોટા દસ્તાવેજો રજૂ કર્યા હતા. તપાસ દરમિયાન, એક ડોક્ટરના રિપોર્ટમાં દર્દીને શરીરની જમણી બાજુએ અને બીજા ડોક્ટરના રિપોર્ટમાં ડાબી બાજુએ પેરેલિસિસની અસર હોવાનું સામે આવતા શંકા ગઈ હતી. એજન્સીના અધિકારીઓએ તપાસ માટે મયુરના ઘરે પહોંચ્યા ત્યારે તેનો મિત્ર અને ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર પણ ત્યાં હાજર હતો. તેણે મયુર ચાલી શકતો નથી, ન્હાઈ શકતો નથી અને તેને પેરેલિસિસની અસર છે તેવું જણાવ્યું હતું. જો કે, અધિકારીઓએ છુપાઈને ચાર કલાક સુધી વોચ રાખતા મયુર બાઈક લઈને બહાર નીકળ્યો અને પોતાની હોટલ પર ચા બનાવતો જોવા મળ્યો હતો.

## પાલીતાણા નજીક ડમ્પર સાથે બાઈક અથડાતાં ત્રણ પિતરાઈ ભાઈનાં મોત

। (એજન્સી) ભાવનગર, તા.૧૨ ।

ભાવનગર જિલ્લાના પાલીતાણા નજીક ભીલવાડા રોડ પર એક ગમખ્વાર અકસ્માતમાં ત્રણ યુવકોના કરૂણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટનામાં બાઈક રોડ પર પડેલા ડમ્પર સાથે અથડાતા ત્રિપલ સવારી બાઈક પર જતા ત્રણ પિતરાઈ ભાઈઓએ જીવ ગુમાવ્યા છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, કમલેશભાઈ હિંમતભાઈ વાઘેલા તેમના બે પિતરાઈ ભાઈઓ દીપકભાઈ શામજીભાઈ વાઘેલા અને રાહુલભાઈ વાઘેલા સાથે બાઈક પર પાલીતાણાથી થોરાળી ગામ તરફ જઈ રહ્યા હતા. ત્યારે ભીલવાડા વિસ્તાર નજીક રોડ પર પાર્ક કરેલા ડમ્પર સાથે તેમની બાઈક ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કમલેશભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે દીપકભાઈ અને રાહુલભાઈને ગંભીર ઈજાઓ થતાં ભાવનગરની સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બંનેએ દમ તોડ્યો હતો.આ દુર્ઘટનાની જાણ થતાં જ પાલીતાણા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

# સાળંગપુર ખાતે હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી

## સાળંગપુર કષ્ટભંજન હનુમાન દાદાના મંદિરમાં સંતોએ અઢીસો કિલોની કેક કાપીને ખાસ ઉજવણી કરી હતી

। (એજન્સી) બોટાદ, તા.૧૨ ।

સાળંગપુરધામમાં શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તારીખ ૧૧ અને ૧૨ એપ્રિલ-૨૦૨૫ને શુક્રવાર-શનિવારના રોજ દાદાના દરબારમાં શ્રીહનુમાન જયંતી મહોત્સવ ભવ્યાતિભવ્ય ઉજવણી થઈ હતી. આજે સવારે મંગળા આરતી સમયે લાખો ભક્તો મંદિર પરિસરમાં ઉમટ્યા હતા અને ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. ત્યારબાદ શણગાર આરતી કરવામાં આવી હતી જેમાં પણ લાખો ભક્તો દાદાની આરતીનો અનેરો લ્હાવો લીધો હતો. આ દરમિયાન હનુમાનજીએ સુવર્ણ વાઘામાં ભક્તોને દર્શન આપ્યા હતા. મહત્વનું છે કે હનુમાન જયંતીના દિવસે સાળંગપુર હનુમાનજી મંદિરે કષ્ટભંજન દેવ દાદાના દર્શને ૭થી ૧૦ લાખ ભક્તો ઉમટ્યા હતા. આ દરમ્યાનમાં સવારે ૭ વાગ્યે સમુહ મારૂતી યજ્ઞનું પણ આયોજન કરાયું હતું. ૧૨ તારીખે એટલે કે, આજે હનુમાન જયંતીના દિવસે દાદાના દરબારમાં સમૂહ મારુતી યજ્ઞ યોજાયો હતો. જેમાં વડતાલ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી દ્વારા બપોરે ૧૨:૦૦ કલાકે યજ્ઞમાં શ્રીફળ હોમી પૂર્ણાહુતી કરવામાં આવી હતી. સંતો અને ૧ હજારથી વધુ હરિભક્તો યજ્ઞમાં બેસવાનો લાભ લીધો હતો. દેશના વિવિધ પ્રાંતમાંથી



આવેલા ૫૦થી વધુ બ્રાહ્મણો આ યજ્ઞ કરાવ્યો હતો. મંદિરની યજ્ઞશાળામાં શ્રી હનુમત્ બીજમંત્ર અનુષ્ઠાન, વેદ અનુષ્ઠાન, પંચમુખી સમૂહ મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સવારે ૫ કલાકે મંગળા આરતી વખતે ભવ્ય આતશબાજીથી કષ્ટભંજનદેવનું સ્વાગત કરાયું હતું. ૭ કલાકે કષ્ટભંજનદેવ દાદા સુવર્ણ વાઘા ધારણ કરીને ભક્તોને દર્શન આપ્યાં હતાં. સવારે ૭.૩૦ કલાકે ૫૧,૦૦૦ બલૂનડ્રોપથી ભક્તોનું સ્વાગત કરાયું હતું. ૨૫૦ કિલો કેકનું કટીંગ કરી હજારો ભક્તો હનુમાન ભક્તિમાં ડીજેના તાલે ઝૂમી ઉઠ્યા હતા. આજે બપોરે ૧૧:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય છપ્પનભોગ અન્નકૂટ આરતી વડતાલ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી દ્વારા કરવામાં આવી હતી. દાદાના દર્શને આવતા તમામ ભક્તો માટે ૧૦ કલાકે મહાપ્રસાદનો પ્રારંભ થયો હતો. હનુમાન જયંતિના પાવન પ્રસંગે તારીખ ૧૧મીએ સવારે ૭.૩૦ કલાકે રાજોપચાર પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૮ કિલો પુષ્પોથી કષ્ટભંજનદેવનો ભવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. બપોરે ૪ કલાકે કળશ યાત્રા યોજાઈ હતી. જેમાં ૪ હાથીની સવારી ઉપર ઠાકોરજી બિરાજમાન થયા હતા. હજારો બહેનો ભક્તો દાદા માટે અભિષેકનું જળ મસ્તક પર ધારણ કર્યું હતું. ૨૫૧ પુરૂષ-મહિલા ભક્તો સાફા ધારણ કરીને દાદાને રાજી કર્યા હતા. ૧૦૮ બાળકો દાદાના વિજયી ધ્વજને લહેરાવ્યો હતો.

### ભર ઉનાળે માવઠાથી કેરીના પાકને નુકસાનની ભીતિ

# ભાવનગરમાં ભરઉનાળે ગાજવીજ સાથે માવઠું: ખેડૂતોની ચિંતા વધી

## શહેરના ગંગાજળિયા તળાવ, ભીડભંજન મહાદેવ, જશોનાથ મહાદેવ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો હતો

। (એજન્સી) ભાવનગર, તા.૧૨ ।

ભાવનગર શહેર અને જિલ્લામાં પડી રહેલી આકરી ગરમી વચ્ચે શુક્રવારે વાતાવરણમાં પલટા સાથે ભારે પવન અને કરા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. શહેરના ગંગાજળિયા તળાવ, ભીડભંજન મહાદેવ, જશોનાથ મહાદેવ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો હતો. વરસાદના કારણે રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. ઉનાળામાં માવઠાના કારણે ખેતી પાક અને ખાસ કરીને કેરીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી તાપમાનમાં વધારો થયો છે. ભારે ગરમી વચ્ચે ભાવનગર પંથકમાં શુક્રવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો. દિવસભરની આકરી ગરમી બાદ સાંજના સમયે કાળા વાદળો સાથે વરસાદ પડ્યો હતો. ભારે પવન અને કરા સાથે વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ગરમીના માહોલમાં વરસાદથી લોકોમાં રાહતનો અનુભવ થયો હતો. પવન સાથે વરસાદ શરૂ થતાં શહેરના કેટલાક વિસ્તારમાં લાઈટ પણ ગૂલ થઈ ગઈ હતી.૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયેલા તાપમાનના પારાની વચ્ચે શુક્રવારે સાંજે અચાનક મોસમે મિજાજ બદલ્યો હોય તેવા વાતાવરણનું નિર્માણ થયું છે. ભાવનગર શહેરમાં સાંજ થતાની સાથે જ કાળા ડીબાંગ વાદળો ધસી આવ્યા હતા. ગાજવીજ સાથે વરસાદ વરસવાની શરૂઆત થઈ હતી. રસ્તાઓ પાણી પાણી થઈ જતા ઉનાળાના બદલે ચોમાસુ હોઈ તેવો એહસાસ લોકોએ કર્યો હતો. જો કે સમગ્ર વાતાવરણને પગલે ઠંડક પ્રસરી ગઈ હતી. કમોસમી વરસાદને કારણે ઘોઘા તાલુકાના જસપરા માંડવા, સોસીયા અને તેની આસપાસના વિસ્તારમાં કેસર કેરી પર સીધી અસર થઈ છે. કેરીનું ઉત્પાદન ઓછું હોય ત્યારે કમોસમી વરસાદથી કેરીની આવકમાં ઘટાડો થવાની સંભાવના છે.

## કચ્છના રણમાં લાપતા ઇજનેરનો મૃતદેહ પાંચ દિવસે રઝળતો મળ્યો

। (એજન્સી) ભૂજ, તા.૧૨ ।

કચ્છના રાપર તાલુકાના બેલા નજીકના રણમાં સર્વે માટે ગયેલા એક ઈજનેર અર્બન પાલ લાપતા બની ગયા હતા. આખરે પાંચ દિવસની શોધખોળ બાદ તેમનો મૃતદેહ મળી આવ્યો છે. રવિવારે ગુમ થયેલા ત્રણ કર્મચારીઓમાંથી બે જણા હેમખેમ મળી આવ્યા હતા, જ્યારે અર્બન પાલની લાશ મળી આવતા શોધખોળનો અંત આવ્યો છે. ગત ૬ એપ્રિલે, રવિવારના રોજ રાપર તાલુકાના બેલા ગામ નજીકના રણમાં એક ખાનગી સર્વે કંપનીના ત્રણ કર્મચારીઓ સોલાર પ્રોજેક્ટના નિર્માણ માટે સર્વેની કામગીરી હાથ ધરવા ગયા હતા. આ ટીમમાં અર્બન પાલ (ઈજનેર, પશ્ચિમ બંગાળના રહેવાસી), મોહમ્મદ ગનીખાન (ડ્રાઈવર) અને ચેલારામ મિથારામ (સહાયક)નો સમાવેશ થતો હતો. બપોરના સમયે તીવ્ર ગરમી અને પાણીની અછતને કારણે ટીમના સભ્યો મુશ્કેલીમાં મુકાયા હતા. ચેલારામ રણમાં જ બેસી ગયા હતા, જ્યારે અર્બન પાલ પાણી લેવા માટે નીકળ્યા હતા.

## નારોલની ૧૦ લાખની લૂંટમાં ફરિયાદીનું જ તરકટ

। અમદાવાદ, તા.૧૨ ।

નારોલથી વિશાલા બ્રિજ તરફ જતાં ફર્નિચરના શોરૂમનો કેશિયર લૂંટાયો હતો. કેશિયરની ફરિયાદ મુજબ કાળી પલ્સર પર આવેલા બે બુકાનીધારી લૂંટારું તેની પાસેથી ૧૦ લાખ લૂંટી ગયા છે. નારોલ પોલીસે તપાસ કરી રહી હતી ત્યારે જ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર મહેન્દ્ર સાળુંકેની ટીમે પણ સમગ્ર વિસ્તારના સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા.

# અંજી ખડ્ડ પુલ - સમૃદ્ધ કાશ્મીર માટે ઊંચાઈઓને જોડતો પુલ




। અમદાવાદ, તા.૧૨ ।

ભારતનો પહેલો કેબલ-સ્ટેડ રેલ્વે પુલ, અંજી ખડ્ડ પુલ, પ્રતિષ્ઠિત ચેનાબ પુલની દક્ષિણે, અંજી નદીના ઊંડા ખોળામાં ફેલાયેલો છે. આ વિશાળ પુલ ફક્ત એક સંરચના નથી - તે એક સાકાર થયેલું સ્વપ્ન છે, કુદરતના સૌથી મુશ્કેલ પડકારોનો સામનો કરવા માટે માનવીય પ્રતિભા નો પુરાવો છે. ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ્વે લાઈનના કટરા-બનિહાલ ખંડ ને જોડતો, આ કેબલ આધારિત અજાયબી જમ્મુ શહેરથી લગભગ ૮૦ કિમી દૂર, અદ્ભુત હિમાલયના લેન્ડસ્કેપમાં વસેલું છે. બરફથી ઢંકાયેલા શિખરોની પૃષ્ઠભૂમિ સામે, આ પુલ મજબૂત રીતે ઉભો છે, જે કનેક્ટિવિટીમાં વધારો કરે છે અને સમગ્ર પ્રદેશમાં મુસાફરીને સરળ બનાવે છે. યુવાન પર્વતો વચ્ચે બનેલો, અંજી ખડ્ડ પુલ અણધારી ભૂસ્તરશાસ્ત્ર, ભૂકંપના આંચકા, તોફાની પવન અને સમયની કસોટીનો સામનો કરી શક્યો છે.

નદીના પટથી ૩૩૧ મીટર ઉપર સ્થિત, મંદિર ૭૨૫ મીટરની ઊંડાઈ સુધી ફેલાયેલું છે, અને તેને ૯૬ હાઈ-ટેન્શન કેબલ દ્વારા ટેકો આપવામાં આવે છે જે સ્થિરતા સુનિશ્ચિત કરે છે. તેમાં એક ઉલટું વાય તોરણ છે જે ફાઉન્ડેશનની ટોચથી ૧૯૩ મીટરની ઉંચાઈ સુધી વધે છે. ૮,૨૧૫ મેટ્રિક ટનથી વધુ સ્ટ્રક્ચરલ સ્ટીલ તેના કોરને મજબૂત બનાવે છે, તે સુનિશ્ચિત કરે છે કે આ બ્રિજ માત્ર અસ્તિત્વમાં જ નથી - ઊલટાનું તે ખીલે પણ છે. તેના ભવ્ય ઉદ્ઘાટન સાથે, અંજી ખડ્ડ બ્રિજ લોકોના જીવન બદલવા, અંતર ઘટાડવા અને સંબંધોને મજબૂત બનાવવા માટે તૈયાર છે. તે આર્થિક વિકાસના યુગની શરૂઆત કરશે, જ્યાં વ્યવસાયનો વિકાસ થશે, પર્યટનનો વિકાસ થશે અને સમુદાયો તેની અતૂટ હાજરી હેઠળ એક થશે.

ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પ્રોજેક્ટનો એક ભાગ, આ પુલ ફક્ત ધાતુ અને પથ્થરથી બનેલો નથી - તે ભારતના વિઝનનો પુરાવો છે. આ પુલ પ્રગતિનું પ્રતીક છે, તે સમૃદ્ધિનો માર્ગ મોકળો કરે છે અને સ્થિતિસ્થાપકતા અને આશાનું પ્રતીક છે. તે એક મૌન સેન્ટિનેલ છે, જે ભૂમિ પર નજર રાખે છે, પોતાની અતૂટ હાજરીથી પેઢીઓને પ્રેરણા આપે છે. એકવાર કાર્યરત થયા પછી, અંજી ખડ્ડ બ્રિજ સરળ મુસાફરી, ઘટાડાનો સમય અને આર્થિક વિકાસના નવા યુગની શરૂઆત કરશે, જે જમ્મુ અને કાશ્મીરની પર્યટન અને વેપારના કેન્દ્ર તરીકેની ભૂમિકાને મજબૂત બનાવશે. પ્રગતિ અને સ્થિતિસ્થાપકતાનું પ્રતીક, આ પુલ આકાંક્ષાઓને જોડશે, સમુદાયોને સશક્ત બનાવશે અને ઉજ્જ્વળ ભવિષ્યનો માર્ગ મોકળો કરશે.

